પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૨૩ • કુલ પાના : ૪ • તારીખ : ૧૬-૦૫-૨૦૨૨ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## માણિક સાહાએ ત્રિપુરાના મુખ્યમંત્રી પદના શપથ લીધા

# રાજ્યપાલ એસએન આર્યએ રાજભવનમાં માણિક સાહાને નવા મુખ્યમંત્રી તરીકે શપથ અપાવ્યા

અગરતલા,

ત્રિપુરામાં ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ અને રાજ્યભા સદસ્ય માણિક સાહાએ આજે રવિવારે ત્રિપુરાના મુખ્યમંત્રી પદના શપથ લીધા છે. રાજ્યપાલ એસએન આર્યએ રાજભવનમાં માણિક સાહાને નવા મુખ્યમંત્રી તરીકે શપથ અપાવ્યા હતા. પૂર્વ મુખ્યમંત્રી બિપ્લબ કુમાર દેબ સમારોહમાં ભાજપાના ધારાસભ્યો અને રાજ્યના અન્ય મંત્રીઓ સાથે ઉપસ્થિત હતા. બિપ્લબ કુમાર દેબે શનિવારે અચાનક રાજીનામું આપ્યું હતું. શપથ ગ્રહણ સમારોહમાં કેન્દ્રીય મંત્રી પ્રતિમા ભૌમિક પણ સામેલ થયા હતા.



ઉપ મુખ્યમંક્ષી જિષ્ણુ દેવ વર્મા અને મંત્રી રામ પ્રસાદ પોલે ભાજપા વિધાયક દળની બેઠક દરમિયાન મુખ્યમંત્રી તરીકે સાહાની નિયુક્તિનો વિરોધ કર્યો હતો. બન્ને શપથ ગ્રહણ સમારોહ સમાપ્ત થવાના થોડાક સમય પછી રાજભવન પહોંચ્યા હતા. વિપક્ષી દળ માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટી (માકપા) ના ધારાસભ્યોએ રાજ્યમાં ભાજપાના શાસનમાં ફાસીવાદી શૈલીમાં હિંસા થવાનો આરોપ લગાવતા સમારોહનો બહિષ્કાર કર્યો હતો.

સાહા ૨૦૧૬માં કોંગ્રેસ છોડીને બીજેપીમાં સામેલ થયા હતા. તેમને ૨૦૨૦માં પાર્ટી પ્રમુખ બનાવ્યા હતા અને આ વર્ષે માર્ચમાં રાજ્યસભા માટે પસંદ થયા હતા. રાજ્યમાં આગામી વર્ષે ચૂંટણી થવાની છે.

રાજ્યસભા સાંસદ માણિક સાહાની ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદગી પછી કેન્દ્રીય પર્યવેક્ષક તરીકે પહોંચેલા કેન્દ્રીય મંત્રી ભુપેન્દ્ર યાદવે તેમને અભિનંદન પાઠવ્યા હતા. ભુપેન્દ્ર યાદવે કહ્યું કે માણિક સાહાને ત્રિપુરા ભાજપા ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદગી થવા પર ઘણા અભિનંદન. મને વિશ્વાસ છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં અને તમારા નેતૃત્વમાં ત્રિપુરા વિકાસની નવી ઉંચાઈઓ પર પહોંચશે.

ત્રિપુરાના મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યા પછી બિપ્લવ કુમાર દેબે કહ્યું હતું કે પાર્ટી ઈચ્છે છે કે હું સંગઠનને મજબૂત કરવા માટે કાર્ય કરું. જે જવાબદારી પાર્ટી આપશે તેને નિભાવીશ. સંગઠન છે તો સરકાર છે. સંગઠનની નવી ભૂમિકાને નિભાવવાનું કામ કરીશ. પર્યવેક્ષક તરીકે અગરતલા પહોંચેલા કેન્દ્રીય મંત્રી ભુપેન્દ્ર યાદવે કહ્યું કે સીએમ દેબના નેતૃત્વમાં ૪ વર્ષોમાં ત્રિપુરામાં ઘણા સારા કામ થયા છે. રાજ્યના વિકાસમાં વિપ્લબ જી નું પ્રભાવી યોગદાન રહ્યું છે. પાર્ટીમાં ભૂમિકા વધારવા માટે આગળ તેમના માર્ગને પ્રશસ્ત કરશે. તેમણે પોતાનું રાજીનામું રાજ્યપાલને સોંપ્યું છે.

બિપ્લવ કુમાર દેબ ૨૦૧૮માં સીએમ બન્યા પહેલા લાંબા સમય સુધી આરએસએસ સાથે જોડાયેલા હતા. ત્રિપુરાના ગોમોતી જિલ્લાના અકરાબન, ઉદયપુરમાં જન્મેલા બિપ્લવ ૧૫ વર્ષો સુધી રાષ્ટ્રીય રાજધાનીમાં રહ્યા હતા. ૨૦૧૬માં પાર્ટીની રાજ્ય એકમનો કાર્યભાર સંભાળ્યા પહેલા દિલ્હીમાં જિમ પ્રશિક્ષકના રુપમાં કામ કરતા હતા. આ પગલાને નિષ્ણાતો દ્વારા પૂર્વોત્તરના આ પ્રવેશદ્વાર રાજ્યમાં પક્ષ દ્વારા હાથ ધરવામાં આવેલી વ્યૂહાત્મક અને 'બ્રાન્ડ નવીકરણ કવાયત' તરીકે જોવામાં આવે છે.ડૉ. માણિક સાહા મેક્સિલોફેસિયલ સર્જન છે, જેઓ કિંગ જ્યોર્જ મેડિકલ કૉલેજ, લખનૌમાંથી પાસ આઉટ થયા છે. ૨૦૧૬માં ભાજપમાં જોડાતા પહેલા સાહા વિપક્ષી કોંગ્રેસના સભ્ય હતા અને દેબ રાજીનામું આપ્યા બાદ ૨૦૨૦માં ભાજપના ત્રિપુરા એકમના અધ્યક્ષ બન્યા હતા. પૂર્વ બેડમિન્ટન ખેલાડી સાહા ત્રિપુરા ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ પણ છે.જો કે, ભાજપ માટે તેમનું મહત્વ તેમની સ્વચ્છ છબી અને તેમના ટ્રેક રેકોર્ડને કારણે છે. એવું માનવામાં આવે છે કે સાહાના કારણે જ ભાજપે નવેમ્બર ૨૦૨૧માં ત્રિપુરામાં યોજાયેલી ચૂંટણીમાં તમામ ૧૩ નગરપાલિકાઓ જીતી હતી. સૂત્રોએ જણાવ્યું કે આરએસએસ દ્વારા બીજેપીના કેન્દ્રીય નેતૃત્વને મોકલવામાં આવેલા વિશ્લેષણમાં પક્ષ અને સરકારમાં ફેરફારની જરૂર હોવાના સંકેત મળ્યા બાદ આ પગલું લેવામાં આવ્યું છે.

શાસક પક્ષના ઉચ્ચ સ્તરીય સૂત્રોએ જણાવ્યું હતું કે "તત્કાલ પક્ષને મજબૂત કરવા" માટે આ પગલું જરૂરી હતું. તે સ્પષ્ટ છે કે આગામી ૮-૯ મહિનામાં રાજ્ય વિધાનસભાની ચૂંટણી થવાની છે અને તે પહેલા પાર્ટી કોઈ જોખમ લેવાનું વિચારતી નથી.

ત્રિપુરામાં બગડતી પરિસ્થિતિને લઈને પાર્ટીના વરિષ્ઠ નેતાઓ દ્વારા કેન્દ્રીય નેતૃત્વને વારંવાર પત્રો મોકલવામાં આવી રહ્યા છે. જો કે, રાજ્યમાં ત્રિપુરા સ્વદેશી પ્રોગ્રેસિવ રિજનલ એલાયન્સ અથવા ટિપ્રા મોથાના અચાનક ઉદભવે પાર્ટીને ખરેખર આંચકો આપ્યો હતો. ગઠબંધન ત્રિપુરાના આદિવાસી લોકો માટે અલગ આદિવાસી રાજ્યની માંગ કરી રહ્યું છે.પાર્ટીએ ગયા વર્ષે એપ્રિલમાં યોજાયેલી ત્રિપુરા ટ્રાઈબલ એરિયા ઓટોનોમસ ડિસ્ટ્રિક્ટ કાઉન્સિલની ચૂંટણીઓ જીતી હતી, નોંધપાત્ર દબદબો છે.

## આસામમાં વરસાદે તબાહી મચાવી, દિમા હાસાઓમાં ૧૨ ગામોમાં ભૂસ્ખલન, એક મહિલા સહિત ત્રણના મોત

ગોવાહાટી,

આસામમાં અવિરત વરસાદને કારણે સામાન્ય જનજીવન ખરાબ રીતે પ્રભાવિત થયું છે. અહીંના દિમા હસાઓમાં વરસાદના કારણે ૧૨ ગામોમાં ભૂસ્ખલનના અહેવાલ છે.

આસામમાં અવિરત વરસાદને કારણે સામાન્ય જનજીવન ખરાબ રીતે પ્રભાવિત થયું છે. અહીંના દિમા હસાઓમાં વરસાદના કારણે ૧૨ ગામોમાં ભૂસ્ખલનના અહેવાલ છે. આ ઉપરાંત અન્ય ઘણા વિસ્તારોમાં પાણી ભરાવા અને પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે.જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક દિવસોથી અવિરત વરસાદને કારણે દિમા હાસાઓમાં ઘણી રહેણાંક અને વ્યાપારી ઈમારતોને નુકસાન થયું છે.

આસાની ચક્રવાતને કારણે વરસાદની આ સ્થિતિ સર્જાઈ છે. હાફલોંગ, દિમા હાસાઓમાં ભૂસ્ખલનમાં એક મહિલા સહિત ત્રણ લોકોના મોત થયા છે. અન્ય ઘણા વિસ્તારોમાં રોડ ઓવરફ્લો થવાના બનાવો નોંધાયા છે. દિમા હાસાઓના ડેપ્યુટી કમિશનર નઝરીન અહેમદે એક એડવાઈઝરી જારી કરીને લોકોને મુસાફરી ટાળવા કહ્યું છે કારણ કે ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થયું છે. જેના કારણે રસ્તાઓની હાલત ખરાબ છે. છ જિલ્લાના ૯૪ ગામોમાં કુલ ૨૪,૬૮૧ લોકો - કચર, ધેમાજી, હોજાઈ, કાર્બી આંગલોંગ વેસ્ટ, નાગાંવ અને કામરૂપ (મેટ્રો) પૂરથી પ્રભાવિત થયા છે, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ જણાવ્યું હતું. અવિરત વરસાદ અને ભૂસ્ખલનને કારણે નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વેના લુમડિંગ-બદરપુર સેક્શનમાં ઘણી ટ્રેનો રદ કરવામાં આવી છે. રેલવે પ્રવક્તાએ આ જાણકારી આપી. તેમણે કહ્યું કે, ભારે વરસાદને કારણે ભૂસ્ખલનને કારણે લુમડિંગ ડિવિઝનના લુમડિંગ-બદરપુર પહાડી વિભાગના ઘણા ભાગોમાં પાણી ભરાઈ જવાને કારણે ઘણી ટ્રેનો રદ કરવામાં આવી છે અથવા આંશિક રીતે રદ કરવામાં આવી છે. આ ઉપરાંત માયબાંગ અને માહુર વચ્ચેના રેલ માર્ગો પ્રભાવિત થયા છે. અહીં ટ્રેનો મોડી દોડી રહી છે.




## નરેશભાઈની સલાહ હંમેશા અમે માનીને આગળ વધીએ છીએ: હાર્દિક પટેલ

રાજકોટ,

રાજકોટમાં ખોડલધામ ખાતે નરેશ પટેલે પાસના આગેવાનો સાથે મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં હાર્દિક પટેલ, દિનેશ બાંભણિયા અને અલ્પેશ કથિરિયા હાજર રહ્યા હતા. ખોડલધામ ખાતેની બેઠકમાં સામાજીક અને રાજકીય ચર્ચા મુદ્દા પર ચર્ચા થઈ હતી. તો સાથે જ હાર્દિક પટેલની કોંગ્રેસથી નારાજગી અંગે પણ ચર્ચા થઈ હતી. બેઠક બાદ હાર્દિક પટેલે કહ્યુ કે, આજે અમે રાજકીય, સામાજિક પારિવારિક મુદ્દા પર ખૂલીને ચર્ચા કરી છે. નરેશભાઈની સલાહ હંમેશા અમે માનીને આગળ વધીએ છીએ. આજે કેસ પાછા ખેંચવાની પ્રોસેસ જલ્દી ચાલે તેના પર ચર્ચા કરી. તેમના રાજકીય નિર્ણય પર અમે સહમત છીએ. તેમના આદેશને સર્વમાન્ય માનીને આગળ વધીશું. અમારા હેતુ સામાજિક પરિબળોને હાવિ બનાવવુ નહિ, પણ લોકોને સમૃદ્ધ બને તે છે.



કોંગ્રેસ સાથે નારાજગીની વાત પર હાર્દિક પટેલે કહ્યુ કે, હું કોંગ્રેસથી નારાજ છું તે જગજાહેર છે. કાર્યકારી પ્રમુખ છું તો એની એક જવાબદારી હોય. અમે કામ માંગીએ છીએ, અમે પદ નથી માંગતા. મારા મુદ્દાઓનું નિરાકરણ ન આવે તો ઉદેપુર ચિંતન શિબિરમાં જઈને શું કરું. અત્યાર સુધી પક્ષને આપ્યુ જ છે, કંઈ લીધુ નથી. કોંગ્રેસના નેતાઓ શુ વિચારે છે તેની મને ખબર નથી, પણ નરેશભાઈ હાઈકમાન્ડ સાથે વાત કરી રહ્યાં છે. નરેશભાઈના નિર્ણય સાથે હું છું. નરેશભાઈ જેમની સાથે જોડાશે તે પાર્ટીને ફાયદો થશે.

નરેશ પટેલે કહ્યુ હતુ કે, પાટીદાર યુવકો પરના કેસ જલ્દી ખેંચાય તેવી સરકારને વિનંતી છે. કેસ ખેંચાવની પોઝિટિવ વાત શરૂ થઈ છે, પણ જલ્દીથી કેસ ખેંચાય તે જરૂરી છે. નિર્ણય લેવાયો, પણ પ્રોસિજર ધીમી ચાલે છે. મારા રાજકારણના પ્રવેશ અંગે મેં હાર્દિક અને અન્ય નેતાઓ સાથે ચર્ચા કરી. પાંચ સાત દિવસ પછી બીજી બેઠક કરીશું, તેમાં મારો નિર્ણય જણાવીશ. આ બેઠકમાં અન્ય અગ્રણી પણ રહેશે. આજની બેઠકમાં મારા વિશે ઘણી ચર્ચા થઈ, વડીલો મારી ચિંતા કરે, યુવાનો મને રાજકારણમાં ઈચ્છે છે. પરંતુ રાજકારણમાં પ્રવેશવાનો નિર્ણય આજેને આજે આવે નહિ, તે માટે વધુ એક બેઠક કરીશું. તેમાં નિર્ણય લઈ લઈશું. હાલ પાક્કી તારીખ નહિ આપી. દર વખતે તારીખ આપીને તેમાં આમતેમ થાય તે સારુ લાગતુ નથી. તો હાર્દિક પટેલના કોંગ્રેસ છોડવા અંગે તેમણે કહ્યુ કે, હાર્દિક જ્યા છે ત્યા યથાવત રહેશે. આગામી દિવસોમાં તમામ નિર્ણયો લેવાશે. હાર્દિકને જે પ્રશ્નો છે તે સોલ્વ કરવા તે અને હુ બંને પ્રયાસો કરી રહ્યા છીએ. ક્યાંય પણ જવુ તે હાર્દિકનો અંગત નિર્ણય હોઈ શકે. નિર્ણય સંવતંત્ર હોય છે, તે લે તો જ સાચો પડે. આજની બેઠકમાં પક્ષ ફેરવવાની કોઈ ચર્ચા થઈ નથી. હાર્દિક હાલ એટલો મેચ્યોર છે કે મને સમજાવી શકે તેમ છે.

નરેશ પટેલની પાટીદાર યુવા નેતાઓ સાથે લગભગ એક કલાક સુધી ચર્ચા ચાલી હતી. મહત્વનું છે હાર્દિક પટેલ ઘણા સમયથી કોંગ્રેસથી નારાજ છે. હાર્દિક કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાય તેવી અટકળો ચાલી રહી છે. તો નરેશ પટેલના રાજકારણના જોડાવા અંગે અટકળો ચાલી રહી છે. ત્યારે નરેશ પટેલના રાજકારણમાં પ્રવેશની ચર્ચા વચ્ચે પાસ આગેવાનો સાથેની તેમની બેઠક મહત્વની ગણાઈ રહી છે.


## વિદેશી ફંડ મુદ્દે સીબીઆઈના ૪૦ સ્થળોએ દરોડા, ૧૪ આરોપીઓની ધરપકડ કરાઈ

નવીદિલ્હી,

ફોરેન કન્ટ્રિબ્યુશન રેગ્યુલેશન એક્ટ-૨૦૧૦ અંતર્ગત સીબીઆઈએ ૪૦ સ્થળોએ દરોડા પાડયા હતા. જેમાં ૧૪ની ધરપકડ કરવામાં આવી હતી અને ૩.૨૧ કરોડ રૂપિયાની રોકડ રકમ જપ્ત થઈ હતી. સીબીઆઈએ શંકાસ્પદ રીતે વિદેશી ફંડ ઉઘરાવતા એનજીઓ અને સંગઠનો સામે કાર્યવાહી કરી હતી. ગૃહ મંત્રાલયની ફરિયાદ પછી સીબીઆઈએ ફોરેન કન્ટ્રિબ્યુશન રેગ્યુલેશન એક્ટ-૨૦૧૦ અંતર્ગત ૩૬ લોકો સામે ફરિયાદ દાખલ કરીને તપાસ હાથ ધરી હતી. સીબીઆઈની કાર્યવાહી દરમિયાન દિલ્હી, રાજસ્થાન, ચેન્નાઈ, હેદરાબાદ, મેસુર સહિતના ૪૦ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. એમાં ૧૪ લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને ૩.૨૧ કરોડ રૂપિયાની રોકડ રકમ જપ્ત કરાઈ હતી.

નિયમોનું ઉલ્લંઘન કરીને વિદેશથી ફંડ મેળવતા એનજીઓ અને સંગઠનો સામે પગલાં ભરવામાં આવ્યા હતા. જે લોકોની ધરપકડ થઈ છે, જેમાં એનજીઓના સંચાલકો ઉપરાંત વિદેશી ફંડ અપાવતા વચેટિયાઓનો પણ સમાવેશ થાય છે. આ આરોપીઓમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલયના અધિકારીઓ પણ સંડોવાયેલા હતા. લગભગ સાત અધિકારીઓ સામે કાર્યવાહી થઈ છે. ગત ૧૦મી મેના રોજ આ આરોપીઓ અને એનજીઓ સામે કેસ દાખલ થયો હતો. સીબીઆઈના કહેવા પ્રમાણે નિયમોનો ભંગ કરીને વિદેશી ફંડ મેળવવાના આ કૌભાંડમાં ત્રણ નેટવર્ક કાર્યરત હતા. સરકારી અધિકારીઓ, સંસ્થાના સંચાલકો અને વચેટિયાઓની મીલી ભગતથી આ કૌભાંડ ચાલતું હતું. એનજીઓને નિયમો તોડીને વિદેશી ફંડ માટે મંજૂરી આપી દેતા ગૃહ મંત્રાલયના એફસીઆરએ ડિવિજનના અધિકારીઓની પણ તપાસ શરૂ થઈ છે. અગાઉ સીબીઆઈએ બે અધિકારીઓને લાંચની રકમ લેતા પકડી લીધા હતા.

## દેશમાં કોરોનાના કેસમાં વધઘટ સાથે નવા ૨૪૮૭ કેસ, ૧૩ દર્દીઓના મોત



નવીદિલ્હી,

છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોરોના વાયરસના કુલ ૨૪૮૭ નવા કેસ નોંધાયા છે. ગઈકાલની સરખામણીએ આ ૧૨ ટકા ઓછા કેસ છે. ગઈકાલે કોવિડના કુલ ૨૮૪૧ નવા કેસ નોંધાયા હતા. આ સાથે, દેશમાં કોવિડ સંક્રમિતોની કુલ સંખ્યા હવે વધીને ૪ કરોડ, ૩૧ લાખ, ૨૧ હજાર ૫૯૯ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોવિડના કારણે કુલ ૧૩ લોકોના મોત પણ થયા છે. દેશમાં કોવિડના કારણે અત્યાર સુધીમાં કુલ ૫ લાખ ૨૪ હજાર ૨૧૪ લોકોના મોત થયા છે. આજે મૃત્યુઆંકમાં, કેરળના ૮ કેસ પણ બેકલોગના આંકડા તરીકે ઉમેરવામાં આવ્યા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર, હાલમાં દેશભરમાં સક્રિય કેસની કુલ સંખ્યા ઘટીને ૧૮ હજાર થઈ ગઈ છે. હાલમાં, દેશભરમાં ૧૭,૬૯૨ સક્રિય કેસ નોંધાયા છે. સક્રિય કેસ કુલ ચેપના ૦.૦૪ ટકા થઈ ગયા છે. હાલમાં દેશમાં રિકવરી રેટ ૯૮.૭૪ ટકા નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કુલ ૨૮૭૮ દર્દીઓ સાજા થયા છે. દેશભરમાં અત્યાર સુધીમાં કુલ ૪ કરોડ, ૨૫ લાખ, ૭૯ હજાર, ૬૯૩ લોકોએ આ મહામારીને માત આપી છે.

દેશમાં દૈનિક હકારાત્મકતા દર ઘટીને ૦.૬૧ ટકા પર આવી ગયો છે. સાપ્તાહિક હકારાત્મકતા દર પણ વધીને ૦.૬૨ ટકા થઈ ગયો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૮૪.૩૮ કરોડ સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪,૦૫,૧૫૬ નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું છે.

## ચારધામ યાત્રામાં શ્રધ્ધાળુઓના મોત: મોક્ષ પ્રાપ્તિના કારણે મરી રહ્યાં છે : ભાજપ પ્રવકતા

દહેરાદુન,

ઉત્તરાખંડમાં ચાલી રહેલ ચારધામ યાત્રા દરમિયાન અત્યાર સુધી ૩૪ શ્રધ્ધાળુઓના મોત નિપજયાં છે આ મામલામાં સરકાર અને આરોગ્ય વિભાગ પોત પોતાની સ્પષ્ટતા કરવામાં લાગેલ છે ત્યારે રાજય ભાજપ પ્રવકતા શાદાબ શમ્સે અજીબ તર્ક આપ્યો છે કે શ્રધ્ધાળુઓની મોત ધાર્મિક આસ્થાને કારણે થઈ રહ્યાં છે.તેમાં મોક્ષ પ્રાપ્તિ પણ એક કારણ છે.

તેમણે કહ્યું હતું કે લોકોની આસ્થા છે કે ચારધામમાં મોક્ષ પ્રાપ્ત થાય છે આ ધારણાથી પણ લોકો અહીં આવે છે તેની સાથે જ શમ્સે આગળ કહ્યું કે જે શ્રધ્ધાળુઓના યાત્રા દરમિયાન મૃત્યુ થયા છે તે લોકો બદ્રીનાથ અને કેદારનાથમાં પોતાની આસ્થા પ્રકટ કરતા મોક્ષ માટે ચારધામ યાત્રા પર આવ્યા હતાં અને તેમણે પોતાની બીમારીઓને છુપાવી હતી જેથી દર્શન થઈ જાય આજ કારણ તેમનું મૃત્યુનું કારણ બની

ભાજપના પ્રવકતાએ કહ્યું કે ધાર્મિક માન્યતા અનુસાર શ્રધ્ધાળુઓનું માનવુ છે કે જો ચારધામમાં મૃત્યુ થાય તો તેમને મોક્ષની પ્રાપ્તી થાય છે આજ કારણ છે કે શ્રધ્ધાળુ પોતાની બીમારીને છુપાવી દર્શન માટે પહોંચી રહ્યાં છે ગંભીર બીમારીના કારણે તેમનું મૃત્યુ થઈ રહ્યાં છે જયારે સરકાર તરફથી શ્રધ્ધાળુઓ માટે ધામોમાં સારી વ્યવસ્થા કરવામાં આવી છે સરકાર તરફથી આ યાત્રાને સફળ બનાવવા માટે હરસંભવ પ્રયાસ કરવામાં આવી રહ્યાં છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# લુણાવાડા વેંદાત સ્કુલ મેદાનમાં પૂર્વ ઝોનકક્ષા અંડર-૧૭ ઓપન ખો-ખોની સ્પર્ધાનું આયોજન

લુણાવાડા,

રમશે ગુજરાત જીતશે ગુજરાતના સૂત્ર સાથે તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ખેલ મહાકુંભની શરૂઆત કરાવી હતી. ખેલાડીઓના ખેલ કૌશલ્યને ઉજાગર કરતો ખેલ મહાકુંભ ખેલાડીઓને ખેલ પ્રતિભા પ્રદર્શિત કરવાની તક પૂરી પાડી રહ્યો છે. આ ક્રમમાં ૧૧માં ખેલ મહાકુંભની જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ બાદ ઝોન કક્ષાની સ્પર્ધાઓ યોજાઈ રહી છે.

મહીસાગર જિલ્લા રમત ગમત કચેરી દ્વારા જિલ્લાના લુણાવાડા વેદાંત ઈન્ટરનેશનલ સ્કૂલના મેદાનમાં પૂર્વ ઝોન કક્ષાની અંડર-૧૭ અને ઓપન ભાઈઓ બહેનોની ખો ખોની સ્પર્ધા યોજાઈ રહી છે. સ્પર્ધાના શુભારંભ પ્રસંગે લુણાવાડા ધારાસભ્ય જિગ્નેશભાઈ સેવકનું જિલ્લા રમત ગમત અધિકારી મયુરીબાલા ગોહિલ અને યુવા પ્રાંત વિકાસ અધિકારી શર્મિષ્ઠાબેન વસૈયાએ પુષ્પ ગુચ્છથી સ્વાગત કર્યું હતું.

લુણાવાડા ધારાસભ્યએ આણંદ અને વડોદરાની ટીમ વચ્ચે ટોસ ઉછાળી ખો ખો રમતની સ્પર્ધાઓનો શુભારંભ કરાવી તમામ ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. આ અવસરે તેમણે તાજેતરમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની લુણાવાડા મુલાકાતનો ઉલ્લેખ કરતાં જણાવ્યુ હતું કે, જિલ્લાના યુવાનો પોતાની પ્રતિભા કૌશલ્ય ઉપસાવી વૈશ્વિક સ્તરે ગુજરાત અને દેશનું નામ રોશન કરે તે હેતુથી રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં મહીસાગર જિલ્લામાં ગોહિલના મુવાડાથી લુણાવાડાની વચ્ચે દેશના અત્યાધુનિક સ્પોર્ટ્સ સેન્ટરો જેવું જ આધુનિક સ્પોર્ટ્સ સેન્ટર બનાવવા માટે ૧૫ એકર જમીનમાં બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ માટે રાજ્ય સરકારે જગ્યાની કામગીરી પૂર્ણ કરી દીધી છે અને સ્પોર્ટ્સ



સેન્ટરના પ્લાન માટે કામગીરી ચાલુ કરી દેવાની સાથે રૂા. પાંચ કરોડની ફાળવણી કરી દેવામાં આવી છે. આગામી સમયમાં સ્પોર્ટ્સ સેન્ટર ખાતે અનેક સ્પર્ધાઓનું આયોજન થશે અને પ્રતિભાશાળી ખેલાડીઓને તેમનું કૌશલ્ય પ્રદર્શિત કરવાની તક મળશે. પૂર્વ ઝોન કક્ષાની અંડર-૧૭ અને ઓપન ભાઈઓ બહેનોની ખો ખોની સ્પર્ધામાં મહીસાગર, છોટાઉદેપુર, પંચમહાલ, દાહોદ, વડોદરા ગ્રામ્ય અને શહેરી, બોટાદ, આણંદ, ખેડા જિલ્લાઓની ટીમોના ૨૦૦થી વધુ ખેલાડીઓએ ખૂબ ઉત્સાહભેર આ સ્પર્ધાઓમાં ભાગ લીધો છે. મહીસાગર જિલ્લા રમત ગમત કચેરી દ્વારા રહેવા જમવા રહેઠાણ સહિતની તમામ વ્યવસ્થાઓનું સૂચારું આયોજન કરવામાં આવ્યું છે. ખેલાડીઓએ સમગ્ર આયોજન અંગે સંતોષ વ્યક્ત કરતાં પોતાની ખેલ પ્રતિભાને નિખારવાની તક આપવા બદલ ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# રાહુલ ગાંધી એક મહીના સુધી મારા સાથે રહે હું તેમને પુરી રીતે ટ્રેંડ કરી દઈશ :કોંગ્રેસના ધારાસભ્ય મીણા

ઉદયપુર,

રાજસ્થાનના ઉદયપુરમાં કોંગ્રેસની ચિંતિન શિબિર વચ્ચે કોટાના પીપલ્દાથી કોંગ્રેસના ધારાસભ્ય રામનારાયણ મીણાએ એક વિવાદીત નિવેદન આપ્યું છે.કોંગ્રેસ ધારાસભ્યે કહ્યું કે જો રાહુલ ગાંધીનેં તેમની સાથે એક મહીના માટે રાખવામાં આવે તો તેઓ તેમને પુરી રીતે ટ્રેંડ કરવાની ક્ષમતા રાખે છે.



રાણાએ કહ્યું કે હું ઉદયપુરમાં હતો પરંતુ મને ચિંતન શિબિરનું આમંત્રણ આપવામાં આવ્યું નથી આથી હું શિબિરમાં ભાગ લઈ રહ્યો નથી મીણાએ કહ્યું કે તે નહેરૂ,ઈન્દિરા ગાંધીના સમયથી કાર્યકર્તા છે અને આજે પણ જમીનથી જોડાયેલા છે જો કે હવે પાર્ટીએ માપદંડ બદલી દીધા છે જેથી જે જમીની પદાધિકારી છે તેમની કોઈ વેલિવેશન નથી

જયારે તેમણે સચિન પાયલોટનું નામ લીધા વિના કહ્યું કે જે લોકો કેટલાક વર્ષો પહેલા ચુંટણી લડી પાર્ટીનો હિસ્સો બન્યા છે તે પાર્ટીમાં વરિષ્ઠ થઈ ગયા છે પરંતુ અમારા જેવા નાના કાર્યકર્તાઓને આજે પુછનાર કોઈ નથી આજ કારણ રહ્યું છે કે કોંગ્રેસ પાર્ટીનો ગ્રાફ નીચે જઈ રહ્યો છે.વર્તમાન મુખ્યમંત્રી અને મુખ્યમંત્રી બનવાની લાલસા રાખનારા વરિષ્ઠ યુવા નેતાઓની વોટ બેંક પણ નથી જયારે તેમણે અત્યાર સુધી જે ચુંટણી લડી છે તે અનામત બેઠકની જગ્યાએ સામાન્ય બેઠકથી લડી રહ્યાં છે અને જીત્યા છે.જે ચિંતશ શિબિરમાં કિસાન દલિત અને આદિવાસીઓના સંબંધમાં ચર્ચા થનાર છે ત્યાં કોઈ આદિવાસી નેતાની રાજસ્થાનમાં હાજરી નથી

મીણાએ કહ્યું કે પોતાની પાર્ટીના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીને એક મહીના સુધી તેમની સાથે રાખવામાં આવે તો તે તેમને પુરી રીતે ટ્રેંડ કરી દેશે તેમને રાજનીતિક ક્ષેત્રમાં મજબુત કરી દેશે.રામનારાયણ મીણાએ કહ્યું કે તેમણે કોંગ્રેસમાં અનેક ઉતાર ચઢાવ જોયા છે પરંતુ વર્તમાનની સ્થિતિ તેમણે કયારેય જોઈ નથી જયાં તમામ માપદંડ બદલી દેવામાં આવ્યા છે.એ યાદ રહે કે કોંગ્રેસ ધારાસભ્ય મીણા પાર્ટીમાં વરિષ્ઠ નેતા છે અને તે કોટા બુંદી લોકસભા બેઠકથી સાંસદ પણ રહી ચુકયા છે વર્તમાનમાં કોટા પીપલ્દા વિધાનસભાથી કોંગ્રેસના ધારાસભ્ય છે.

# કડાણાના વેલણવાડા ગામે કપ કેવી સબ સ્ટેશનનં ભૂમિ પૂજન મંત્રીના હસ્તે કરાયું



કડાણા,

કડાણા તાલુકાના વેલણવાડા ખાતે સંતરામપુરના ધારાસભ્ય અને ગુજરાત સરકારના મંત્રી કુબેરભાઈ ડીંડોરના અથાગ પ્રયત્નો થકી આજરોજ વેલણવાડા ખાતે ૮.૪૦ કરોડ ના ખર્ચે તૈયાર થનાર ૬૬ કેવી નવીન સબ સ્ટેશનનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું.આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ રમીલાબેન ડામોર, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન બાબુભાઈ પટેલ જિલ્લા પંચાયત સભ્ય પર્વતભાઈ કટારા, ઉપ્રમુખ અંબાલાલ પટેલ, બીજા ઉપ્રમુખ ભગવતસિંહ બાપુ, જિલ્લા મહામંત્રી રાવજીદાદા પટેલ, કડાણા તાલૂકા મંડળના પ્રમુખ અંબાલાલ પટેલ, બન્ને મહામંત્રીઓ તાલુકા પંચાયતના પ્રમુખ કમલેશભાઈ પાદરિયા, તાલુકા પંચાયત સભ્યો સંગઠનના હોદ્દેદારો તથા આજુબાજુના આગેવાનો હાજર રહ્યા હતા.

# ઓલપાડના અસનાદ ગામે ટીટોડીએ ખેતરમાં ઈંડા મૂક્યા



સુરત,

સુરતના ઓલપાડમાં ટીટોડીએ ૬ ઈંડા મૂક્યા છે. પહેલીવાર એવુ બન્યુ છે કે, ટીટોડીએ એકસાથે ૬ ઈંડા મૂક્યા હોય. ટીટોડી ૨-૪-૫ ઈંડા મૂકે તો અલગ અલગ માન્યતા છે, પરંતુ પહેલીવાર ૬ ઈંડા જોવા મળતા લોકો કંઈ સમજી શકતા નથી.

ઓલપાડના અસનાદ ગામે ટીટોડીએ ખેતરમાં ઈંડા મૂક્યા છે. નિલેશ પટેલ નામના ખેડૂતના ખેતરમાં ટીટોડીના ૬ ઈંડા જોવા મળ્યાં છે. લોકવાયકા મુજબ ટીટોડી ૨ ઈંડા મૂકે તો મધ્યમ વરસાદ આવે. ટીટોડી ૪ ઈંડા મૂકે તો ખૂબ સારું ચોમાસુ જાય. અને ૫ ઈંડા મૂકે તો અતિવૃષ્ટિનું અનુમાન માનવામાં આવે છે. પરંતુ ટીટોડી દ્વારા ૬ ઈંડા મુકવાની પ્રથમ ઘટના સામે આવતા કુતૂહલ સર્જાયુ છે.

જાણકારો કહે છે કે, ટીટોડીના એક ઈંડાના આધારે એક મહિનો વરસાદ સારો જાય એવુ માનવામાં આવે છે. ચાર ઈંડા મૂકે તો ચાર મહિના સારુ ચોમાસું રહે. ચાર ઈંડા એટલે જૂન, જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં ચોમાસું સારુ જાય. પરંતુ ૬ ઈંડા મૂકે તો ૬ મહિના સુધી ચોમાસું લંબાય તેવુ મનાય છે. એટલે કે ટીટોડીના ૬ ઈંડા સારા સંકેત છે.

દેશભરના ખેડૂતો માટે સારા સમાચાર એ છે કે, આ વર્ષે ચોમાસું વહેલું આવે તેવી શક્યતા છે. ૨૭ મે સુધીમાં કેરળમાં ચોમાસાનું આગમન થશે. દર વર્ષ કરતા એક અઠવાડિયું વહેલું ચોમાસાનું આગમન થશે. સામાન્ય રીતે ૧ જૂને કેરળમાં ચોમાસાનું આગમન થાય છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી આંદામાન અને નિકોબાર ટાપુઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. ૧૪ થી ૧૬ મે દરમિયાન દ્વીપસમૂહમાં કેટલીક જગ્યાએ ભારે વરસાદની સંભાવના છે. આ સાથે જ ૧૫ અને ૧૬ મેના રોજ દક્ષિણ અંદામાન સમુદ્રમાં પવનની ઝડપ ૪૦-૬૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચવાની સંભાવના છે.

# રાકેશ ટિકૈતને ભારતીય કિસાન યૂનિયનમાંથી બહાર કર્યા,અધ્યક્ષ પદ છીનવી લીધું

લખનૌ,

ભારતીય કિસાન યૂનિયન સાથે જોડાયેલા એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. કિસાન આંદોલનનો પ્રમુખ ચહેરો રહેલા રાકેશ ટિકૈતને બીકેયૂએ બહાર કરી દીધા છે. જ્યારે તેમના ભાઈ નરેશ ટિકૈતને પણ અધ્યક્ષ પદેથી હટાવી દીધા છે. તેમના સ્થાને રાજેશ ચૌહાણને અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે.


ભારતીય કિસાન યૂનિયનના સંસ્થાપક દિવંગત ચૌધરી મહેન્દ્રસિંહ ટિકૈતની પૂણ્યતિથીના પ્રસંગે રવિવારે ૧૫ મે ના રોજ લખનઉમાં આવેલી ગન્ના કિસાન સંસ્થાનમાં બીકેયૂ નેતાઓની મોટી બેઠક થઈ હતી. જેમાં ટિકૈત ભાઈઓ સામે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ટિકૈત પરિવાર વિરુદ્ધ ખેડૂતોમાં ઉભરેલી આ નારાજગી પછી ભારતીય કિસાન યૂનિયનમાં બે ફાડના સંકેત છે.

## અદાણી પરિવારને રાજકારણમાં કોઈ રસ નથી

# ગૌતમ અદાણી, ડો. પ્રીતિ અદાણી અને અદાણી પરિવારનો કોઈ સભ્ય રાજકીય પક્ષમાં જોડાશે નહીં

નવીદિલ્હી,

છેલ્લા કેટલાક દિવસોથી પ્રખ્યાત ઉદ્યોગપતિ અને વિશ્વના ટોચના ધનિકોમાંના એક ગૌતમ અદાણીના પરિવાર વિશેના એક સમાચાર ચર્ચાનો વિષય બન્યા હતા. એવો દાવો કરવામાં આવી રહ્યો હતો કે ગૌતમ અદાણી અથવા તેમના પત્ની ડૉ. પ્રીતિ અદાણીને રાજ્યસભાના સાંસદ બનાવવામાં આવી શકે છે. હવે અદાણી ગ્રુપે આ દાવા પર સ્પષ્ટતા રજૂ કરી છે. જૂથે કહ્યું કે અદાણી પરિવારના કોઈપણ સભ્યને રાજકારણમાં કોઈ રસ નથી.



તેમની સ્પષ્ટતામાં અદાણી ગ્રુપે કહ્યું છે કે ગૌતમ અદાણી અને ડૉ. પ્રીતિ અદાણીને રાજ્યસભામાં મોકલવાના સમાચારથી જૂથ વાકેફ છે. આ સમાચાર સંપૂર્ણપણે ખોટા છે. મીડિયા રિપોર્ટ્સ દ્વારા, અન્ય લોકો તેમના હિત માટે અમારું નામ બદનામ કરી રહ્યા છે. ગૌતમ અદાણી, ડો. પ્રીતિ અદાણી અને અદાણી પરિવારનો કોઈ સભ્ય કોઈપણ રાજકીય પક્ષમાં જોડાવા જઈ રહ્યો નથી. આ સમાચાર સંપૂર્ણપણે ખોટા છે.

અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી ૨૫ એપ્રિલે ફોર્બ્સની વિશ્વના સૌથી ધનિકોની યાદીમાં પાંચમા સ્થાને પહોંચ્યા હતા. અદાણીની કુલ નેટવર્થ (ગૌતમ અદાણી નેટ વર્થ) અંદાજિત ઈ૧૨૩.૧ બિલિયન હતી. તેણે બર્કશાયર હેથવેના વોરેન બફેટને પાછળ છોડીને આ સ્થાન હાંસલ કર્યું. બફેટ ઈ૧૨૧.૭ બિલિયનની કુલ અંદાજિત નેટવર્થ સાથે છઠ્ઠા સ્થાને સરકી ગયા હતા.

અદાણીએ માત્ર ૫ લાખ રૂપિયાની કંપની સાથે બિઝનેસ શરૂ કર્યો અને ધીમે ધીમે એક વિશાળ સામ્રાજ્ય ઉભું કર્યું. અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીની આ અજોડ સફળતા પાછળ તેમની મહેનત, ચતુરાઈ, કૌશલ્ય, નેટવર્કિંગ જેવા ગુણો છે. ગૌતમ અદાણી, જેઓ પોતાનું કોલેજનું શિક્ષણ પણ પૂરું કરી શક્યા ન હતા, તેમની વાર્તા હીરાના વ્યવસાયથી શરૂ થાય છે. તેઓ ૧૬ વર્ષની ઉંમરે મુંબઈ આવ્યા અને હીરાનો વ્યવસાય શીખવાનું શરૂ કર્યું. બાદમાં તેઓ ૧૯૮૧માં ગુજરાત પરત આવ્યા અને તેમના ભાઈની પ્લાસ્ટિક ફેક્ટરીમાં કામ કરવાનું શરૂ કર્યું.

તેમણે ૧૯૮૮માં બિઝનેસ જગતમાં તેમનું પહેલું મોટું પગલું ભર્યું હતું, જ્યારે તેમની પ્રથમ કંપની અદાણી એક્સપોર્ટ્સ શરૂ કરવામાં આવી હતી. માત્ર ૫ લાખ રૂપિયાની મૂડીથી શરૂ થયેલી આ કંપની પાછળથી અદાણી એન્ટરપ્રાઈઝ બની ગઈ. અદાણી ગ્રૂપની મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડને ૧૯૯૪માં શેરબજારમાં પ્રવેશ કરીને પ્રોત્સાહન મળ્યું હતું. ૧૯૯૧માં જ્યારે તત્કાલિન નાણાપ્રધાન મનમોહન સિંહે ભારતમાં આર્થિક ઉદારીકરણનો માર્ગ મોકળો કર્યો, ત્યારે તેનાથી દેશના વેપાર જગતમાં મોટા પાયે પરિવર્તન આવ્યું. આ પછી ઘણા નવા બિઝનેસ હાઉસને આગળ વધવાની તક મળી. આ ફેરફારથી માત્ર રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને જ ફાયદો થયો નથી, પરંતુ અદાણી પરિવારને બહુરાષ્ટ્રીય અને વૈવિધ્યસભર બિઝનેસ બનાવવા માટે પણ મદદ મળી છે.

## આપની આજ.......

મેષ : આજે સામાજિક ખ્યાતિ વધશે. વિદ્યાર્થીઓને તેમના ભવિષ્ય માટે નવી તક મળશે. મિત્રોની મદદથી દિવસભર આવકના નવા સ્ત્રોત ઉભરશે. પારિવારિક વાતાવરણમાં કેટલાક વિરોધાભાસ થશે,

વૃષભ : આજે શુભ કાર્યોમાં તમારી રુચિ વધશે. ક્ષેત્ર અને પરિવારમાં તમારા દ્વારા લેવામાં આવેલ નિર્ણય આજે લાભકારક રહેશે. સંતાન પક્ષમાં લગ્નની અડચણ દૂર થશે. વધુ જનસંપર્કથી તમારી ખ્યાતિ વધશે.

મિથુન : આજનો દિવસ તમારા માટે પડકારજનક બની શકે છે. ક્ષેત્રમાં દુશ્મનોને કારણે થોડી દખલ થઈ શકે છે. વેપારી વર્ગ માટે સમય અનુકૂળ છે. આજે રોકાણ કરવું તમારા માટે યોગ્ય નથી. નોકરી કરતા લોકોને નવી તકો મળશે.

કર્ક : આજે કોન્ટ્રાક્ટમાં રહીને કોઈ કાર્ય કરી શકશો. મહત્વની બાબતો પર ધ્યાન ના આપવાના કારણે પતિ-પત્નીમાં થોડીક સમસ્યા થઈ શકે છે. ઘરમાં ધન અને સંપત્તિમાં વૃદ્ધિ થશે અને મિત્રોની સહાયથી સંપત્તિ પણ મળશે.

સિંહ : ટેક્નિકલ ક્ષેત્ર સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓ સફળતા પ્રાપ્ત કરશે. પિતાનો સંપૂર્ણ સહયોગ મળશે અને પરિવારમાં શુભ કાર્યક્રમો માટે એક રૂપરેખા નક્કી થશે. રાજકીય લોકો માટે સમય અનુકૂળ છે, લોકોનો સપોર્ટ મળી શકશે.

કન્યા : રોજગાર ક્ષેત્રે છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલી સમસ્યા ઉકેલાશે. સાસરિયાઓ સાથે સંબંધ ધીરે ધીરે સુધરશે, પરંતુ પૈસાના વ્યવહારને ટાળજો. સરકારી અધિકારીની સહાયથી સંપત્તિ સંબંધિત વિવાદનું પણ સમાધાન થશે.

તુલા : રોજગાર માટે પ્રયત્નશીલ લોકોમાં આજે સફળતાની સંભાવના ઓછી છે, યોજના નક્કી કરી શકાય છે. ભાઈ-બહેન સાથે મહત્વપૂર્ણ બાબતોની ચર્ચા કરવામાં આવશે. વ્યાવસાયિક સમસ્યાઓ દૂર કરવા માટે પિતાનું માર્ગદર્શન મળશે.

વૃશ્ચિક : વિદેશથી ધંધાના પ્રયત્નો સકારાત્મક રીતે પૂર્ણ થશે અને ઘણા લોકો તમારી મદદ માટે આગળ આવશે. સંપત્તિ સંબંધિત વિવાદો માનસિક તણાવનું કારણ બનશે. વિદ્યાર્થીઓ માટે સમય શુભ છે, એકાગ્રતાથી અભ્યાસ કરતા રહો.

ધન : આજે મોટાભાગના કામોનું અગાઉથી આયોજન કરવામાં આવશે, તેમ છતાં કેટલાક કામ અકસ્માતને કારણે ફરીથી સુનિશ્ચિત કરવા પડશે. કમાયેલા પૈસા મળી શકે છે. વૃદ્ધ સ્ત્રીના આશીર્વાદથી તમને પ્રગતિની વિશેષ તકો મળશે.

મકર : પરિવાર સાથે સંવેદનશીલ મુદ્દાઓની ચર્ચા થશે અને પ્રેમ જીવનમાં મધુરતા જાળવશે. કાર્યસ્થળ પર સખત મહેનત કર્યા બાદ આવક ઓછી થશે અને ખર્ચ વધુ થશે. પૈસાના બગાડને ટાળો અને વ્યવહાર કરતી વખતે કાળજી લો અન્યથા કોઈ ભૂલ થઈ શકે છે.

કુંભ : આજે નસીબ દરેક પગલા પર તમને સાથ આપશે. કાર્યાલયમાં સમય પહેલા પોતાનું કાર્ય પૂર્ણ કરશો, જેના કારણે વિરોધીઓનું કાવતરું નિષ્ફળ જશે. સાંસારિક સુખ ભોગવવાનાં માધ્યમોમાં ખર્ચ થશે. લવ લાઈફમાં તમારો ટેકો તમારા જીવનસાથીને સફળતા પ્રાપ્ત કરવામાં મદદ કરશે.

મીન : વિદ્યાર્થીઓને શિક્ષકો અને સહપાઠીઓનો સહયોગ મળશે અને ભવિષ્યની બાબતો પર ચર્ચા કરશો. કોઈ મહત્વપૂર્ણ વ્યવસાય ડીલ તમારી તરફેણમાં હોઈ શકે છે. જો તમે કામની પરિપૂર્ણતા માટે તમારી વસ્તુઓ અન્ય લોકો સુધી પહોંચાડવામાં સમર્થ હશો,

## માત્ર ગણતરીના દિવસોમાં મોસમ કરવટ બદલશે!

# હવે ગાજવીજ સાથે વરસાદ, આંધી-તોફાન-વંટોળ માટે તૈયાર રહો!

નવીદિલ્હી,

હવામાન વિભાગ દ્વારા એક ખુશખબરી આપવામાં આવી છે. દેશમાં કાળઝાળ ગરમીના કારણે અનેક રાજ્યોમાં લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. દેશના અમુક રાજ્યોમાં સૌથી વધુ ૫૧ ડિગ્રી તાપમાન નોંધાયું છે, જ્યારે ઓછામાં ઓછું ૪૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. ત્યારે હવામાન વિભાગની આગાહી પ્રમાણે દેશના અમુક રાજ્યો જેવા કે યૂપી, ઉત્તરાખંડ, હરિયાણા, રાજસ્થાન અને હિમાચલ પ્રદેશમાં મોસમ કરવટ બદલવાની આશા સેવી છે.

બીજી બાજુ દક્ષિણ પશ્ચિમ ચોમાસું આ વર્ષે જલ્દી દસ્તક આપે તેવા એંધાણ આપ્યા છે અને લોકોને ગરમીથી રાહત મળશે.આઈએમડીએ જાહેરાત કરી હતી કે બહુપ્રતીક્ષિત દક્ષિણ-પશ્ચિમ ચોમાસું કેરળમાં ૨૭ મેના રોજ દસ્તક આપી શકે છે. તમને જણાવી દઈએ કે સામાન્ય રીતે કેરળમાં ૧ જૂનની આસપાસ દસ્તક આપે છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે, પહાડી રાજ્યોથી લઈને યૂપી સુધી ઘણા રાજ્યોમાં વરસાદ અને વાવાઝોડું ત્રાટકવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. હવામાન વિભાગે જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ૧૬ અને ૧૭ મેના રોજ ગાજવીજ સાથે વરસાદ, વીજળી પડવાની સંભાવના અને વાવાઝોડાની આગાહી કરી છે. ઉત્તર પંજાબ અને પૂર્વી ઉત્તર પ્રદેશમાં પણ ૧૬ અને ૧૭ મેના રોજ સામાન્ય વરસાદની સંભાવના દર્શાવી છે. હરિયાણા, પશ્ચિમી ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં ૧૬ મેના રોજ આંધી-તોફાનની સંભાવના છે. જ્યારે, ઉત્તરી રાજસ્થાન અને ઘણા વિસ્તારોમાં ૧૪ અને ૧૫ મેના રોજ ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ધૂળની ડમરીઓ ઉડવાનું અનુમાન લગાવ્યું છે.

૧૫ મે એટલે કે આજે મોસમની વાત કરીએ તો દિલ્હી સાથે જોડાયેલા પશ્ચિમી યૂપીના ગાજિયાબાદમાં આજે ન્યૂનતમ પારો ૩૦ ડિગ્રી અને સૌથી વધુ તાપમાન ૪૪ ડિગ્રી રહેવાનું અનુમાન લગાવ્યં છે. આ રીતે પહાડોની રાણી શિમલામાં આજે ન્યૂનતમ તાપમાન ૧૬ ડિગ્રી અને સૌથી વધુ તાપમાન ૨૬ ડિગ્રી તો મનાલીમાં ન્યૂનત તાપમાન ૧૪ અને અધિકત્તમ ૨૭ ડિગ્રી રહેવાની સંભાવના છે.

ચોમાસું પ્રથમ દક્ષિણ આંદામાન સમુદ્રમાં દસ્તક આપશે અને ચોમાસાના પવનો પછી બંગાળની ખાડીમાં ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધશે. એવું માનવામાં આવે છે કે દક્ષિણ પશ્ચિમ ચોમાસું ૨૨ મેની આસપાસ આંદામાન સમુદ્રમાં આવી શકે છે. સ્દ્ઘ એ જણાવ્યું કે ભૂમધ્ય પવનો તીવ્ર થવાની સાથે દક્ષિણ પશ્ચિમ ચોમાસાનો વરસાદ દક્ષિણ આંદામાન સમુદ્ર, નિકોબાર ટાપુઓ અને દક્ષિણપૂર્વ બંગાળની ખાડીના ભાગોમાં ૧૫ મેની આસપાસ થવાની સંભાવના છે. જોકે, આઈએમડીએ જણાવ્યું છે કે ગત વર્ષના આંકડાઓથી ખબર પડે છે કે અંડમાન સાગરમાં વરસાદ આવવાની તારીખનું કેરળના મોનસૂનની શરૂઆત સાથે કોઈ લેવા દેવા નથી.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જિલ્લામાં અનુસૂચિત જાતિ સમાજના ગરીબ લાભાર્થીઓને જિલ્લા સમાજ કલ્યાણ શાખામાં ચલાવાતા મનસ્વી વહીવટથી હળહળતો અન્યાય..?

- અનુસૂચિત જાતિના જરૂરિયાતમંદ ગરીબ લાભાર્થીઓને આંબેડકર આવાસ,સફાઈ કામદાર આવાસનો લાભ આપવા ઉદાસીનતા જ્યારે મળતિયાઓ પ્રત્યે તંત્ર મહેરબાન કેમ?
- દાહોદ સમાજ કલ્યાણ શાખા દ્વારા વર્ષ-૨૦૨૨ માં સફાઈ કામદારોને ફાળવવામાં આવેલ ગટર સફાઈ માટેના ઓઈલ એન્જિનમાં વ્યાપક ભ્રષ્ટાચાર આચરાયો હોવાની બૂમો.
- અનેક ગરીબ લાભાર્થીઓને આંબેડકર આવાસ,સફાઈ કામદાર આવાસ યોજનાનો લાભ આપવા સમાજ કલ્યાણ શાખાનાજ કેટલાક કર્મચારી ઓએ ગરીબ લાભાર્થીઓ પાસે હજારો રૂપિયાનું ઉઘરાણું કરી યોજનાનો લાભ નહીં આપી કરેલ છેતર પિંડીની ફરિયાદો
- દાહોદ સમાજ કલ્યાણ શાખામાં ચાલતા મનસ્વી વહીવટ સહિત સાચા લાભાર્થીઓ સાથે થતા અન્યાય સંદર્ભે ટૂંક સમયમાં જિલ્લા લેવલ થી લઈ કેન્દ્ર સરકાર સુધી થનાર ઉગ્ર રજૂઆત.
- દાહોદ સમાજ કલ્યાણ શાખા માંથી આરટીઆઈ દ્વારા માહિતી માંગતા ભ્રષ્ટાચારના પોપડા દબાવવાના ઈરાદાથી મહિનાઓ સુધી માહિતી અપાતી નથી.

દાહોદ

દાહોદ જિલ્લા સમાજ કલ્યાણ (અનુસૂચિત જાતિ )શાખા દ્વારા જિલ્લાના અનુસૂચિત જાતિના રોહિત, વણકર તથા વાલ્મિકી સમાજના ગરીબ લાભાર્થીઓને હળહળતો અન્યાય કરવામાં આવી રહ્યો હોવાની વ્યાપક બૂમો ઉઠવા પામેલ છે. જ્યારે આ શાખામાં જવાબદાર અધિકારીઓ દ્વારા મનસ્વી વહીવટ ચલાવાઈ રહ્યો હોવાની વ્યાપક ફરિયાદો થવા પામેલ છે. તે બાબતે ટૂંક સમયમાં જિલ્લા લેવલ થી લઈ કેન્દ્ર સરકાર સુધી સંપૂર્ણ વિગતો સાથે રજૂઆત થનાર હોવાનું જાણવા મળે છે અને આ શાખામાં વર્ષોથી ચાલતા ગેરવહીવટ માં કરોડો રૂપિયાના આચરવામાં આવેલ ભ્રષ્ટાચારના પોપડા દૂર થઈ અનુસુચિત જાતિના લોકોને ન્યાય મળશે તેમ જણાઈ રહ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ દાહોદ જિલ્લા સમાજ કલ્યાણ શાખા દ્વારા અનુસુચિત જાતિના ગરીબ પરિવારોને વર્ષોથી અન્યાય કરવામાં આવી રહ્યો છે. જેમાં રોહિત તથા વણકર સમાજના લાભાર્થીઓને આંબેડકર આવાસ યોજનાનો જ્યારે વાલ્મિકી સમાજને સફાઈ કામદાર આવાસ યોજનામાં એક લાખ વીસ હજાર રૂપિયા મકાન બાંધકામ માટે સહાય આપવામાં આવે છે.જેમાં જિલ્લામાંથી જૂજ લાભાર્થીઓને લાભ આપવામાં આવતો હોવાની ફરિયાદો ઉઠવા પામેલ છે.તેમાં પણ મળતીયા લોકોના આવાસ યોજનાના મકાનોની સહાય મંજુર કરવામાં આવે છે.જ્યારે કેટલાક જે ગરીબ સાચા લાભાર્થીઓ છે જેઓ હાલ પણ જર્જરિત ઝુપડા ઓમા જીવન વિતાવતા હોવાનું જોવા મળે છે.જ્યારે કેટલાક માલદાર લોકો આ લાભ ઉઠાવી જતા ગરીબ લાભાર્થીઓને અન્યાય થઈ રહ્યો છે.અહીંયા એ પણ જણાવવું જરૂરી છે કે જિલ્લાના કેટલા તાલુકા ઓમાન આવાસ યોજનાની સહાય આપવાના બહાના હેઠળ દાહોદ સમાજ કલ્યાણ શાખા ના કેટલાક કર્મચારીઓ દ્વારા ગરીબ લોકો પાસેથી હજારો રૂપિયા ઉઘરાણું કરી સમય વિતવા છતાં આજ દિન સુધી આવાસ યોજનાનો લાભ નહીં આપી છેતરપિંડી કરવામાં આવેલ હોવાના પણ દાખલા મોજૂદ છે. તેમજ જિલ્લાના કેટલાક તાલુકાઓમાં તંત્રના જવાબદારો દ્વારા મળતિયા તકવાદી લોકોના માદયમથી અનેક સાચા-ખોટા લાભાર્થીઓને લાભ આપી દેવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળે છે. આંબેડકર આવાસ તથા સફાઈ કામદાર આવાસ યોજનાની છેલ્લા પાંચ વર્ષની વિગતોની નિષ્પક્ષ અને તટસ્થ તપાસ હાથ ધરવામાં આવે તો કરોડો રૂપિયાના ગોટાળા પ્રકાશમાં આવી શકે તેમાં કોઈ બેમત નથી.

દાહોદ જિલ્લા સમાજ કલ્યાણ શાખા દ્વારા વર્ષ-૨૦૨૨ માં જિલ્લાના તમામ તાલુકાઓ માટે ગટર સફાઈ માટેના ઓઈલ એન્જિનની સ્કીમ બહાર પાડવામાં આવેલ હતી.તેમાં પણ વ્યાપક ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.અને આ યોજનામાં ઓઈલ એન્જિનનો જે-જે લાભાર્થીઓ લાભ મેળવતા હોય તેઓને ઓઈલ એન્જિન આપવાનું હોય છે.પરંતુ દાહોદ સમાજ કલ્યાણ શાખા દ્વારા જે-તે લાભાર્થીને ચેકથી રોકડ નાણાં આપી ગેરરીતિ આચરવામાં આવેલ હોવાનું જાણવા મળે છે.ગટર સફાઈ ઓઈલ એન્જીન લાભાર્થીઓમાં ખાસ કરીને લીમખેડા,ધાનપુર, ગરબાડા તાલુકા ઓમા ઝીણવટપૂર્વક તપાસ કરવી ખાસ જરૂરી છે તેમજ અન્ય તાલુકાઓમાં પણ તપાસ હાથ ધરવામાં આવે તો ગટર સફાઈ ઓઈલ એન્જિનમાં થયેલ ગોટાળા પ્રકાશમાં આવી શકે તેમ છે.હાલ કોઈ તાલુકાના લાભાર્થી પાસે ઓઈલ એન્જિન જોવા મળતા નથી.

અહીંયા યાદ અપાવવું જરૂરી છે કે,વર્ષ-૧૯૯૯ માં પંચમહાલ જિલ્લા સમાજ કલ્યાણ(અનુસૂચિત જાતિ) શાખાના જવાબદારો દ્વારા આવાસ યોજનાના લાભાર્થીઓ સાથે અન્યાય થતાં તેની તટસ્થ તપાસ હાથ ધરવામાં આવતા કરોડો રૂપિયાનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. ત્યારે હાલ દાહોદ જિલ્લા સમાજ કલ્યાણ શાખામા ચાલતા ગેર વહીવટની નિષ્પક્ષ અને તટસ્થ તપાસ હાથ ધરાય તો અનુસૂચિત જાતિના લોકોને વર્ષોથી થતા અન્યાયની સાચી તસવીર પ્રકાશમાં આવી શકે તેમ છે.દાહોદ સમાજ કલ્યાણ શાખા દ્વારા ચલાવાતા મનસ્વી વહીવટની પોલ છતી થાય નહીં તે હેતુથી આરટીઆઈ દ્વારા માહિતી માંગતા સમયમર્યાદા અથવા તો સમય મર્યાદા પછી પણ માહિતી આપવામાં આવતી નથી.અને તંત્રના જવાબદારો દ્વારા ભ્રષ્ટાચારના પોપડાઓને દબાવવાની કોશિશ કરવામાં આવે છે.પરંતુ દાહોદ સમાજ કલ્યાણ શાખાના ગેરવહીવટની સંપૂર્ણ વિગતો સાથે ટૂંક સમયમાં જિલ્લા લેવલથી લઈ કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત થનાર હોવાનું જાણવા મળે છે.

# દે.બારીયા શહેર અને પંથકમાં તાપમાન ૪૪ ડિગ્રીની આસપાસ રહેતા પ્રજા ત્રાહિમામ

દે.બારીયા,

શહેરા સહિત સમગ્ર તાલુકા પંથકમાં હાલમાં ભિષણ ગરમીના પ્રકોપથી જાહેર માર્ગો સુમસામ બન્યા છે. હવામાન વિભાગના દ્વારા કરવામાં આવેલ હિટ વેની આગાહિના આધારે દાહોદ જીલ્લામાં આવેલ હિટ વેની આગાહીના આધારે પારો ૪૩ થી ૪૪ ડિગ્રીએ પહોંચતા સીઝનનો સૌથી વધુ ગરમીના દિવસે પસાર થઈ રહ્યો છે. જેથી આમ જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે અને લોકોએ ઘર બહાર જવાનું ટાળી રહ્યા છે. જેથી શહેરમાં બપોરે રસ્તાઓ સુમસામ જોવા મળે છે. આગામી ત્રણ-ચાર દિવસ પારો યથાવત રહેશ. આકરી ગરમીમમાં રાહતના કોઈ જ અણસાર દેખાતા નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર આજે બપોરે ત્રણ કલાકે પણ ૪૨ ડિગ્રીનું તાપમાન બતાવી રહ્યું હતું. આમ જનતા પોતાના મોબાઈલના દ્વારા તાપમાન જાતે જોતા હોય છે. જ્યારે જે પ્રમાણે ચોમાસાની સીજનમાં ફ્લડ કંટ્રોલ વિભાગ કંટ્રોલ રૂમમાં આવે છે અને ૨૪ કલાકનો રિપોર્ટ જીલ્લ કંટ્રોલ રૂમમાં પહોંચતો કરાય છે. તે મુજબ ગરમીનો પારો માપવા માટેનું કોઈ પણ તાલુકાકક્ષાએ નથી. આધુનિક યંત્રની સુવિધા ઉપલબ્ધ કરાવે તેવી માંગ ઉઠવા પામી છે.

# દાહોદ ઉસારવણ ગામના ડાંગી ફળીયામાં પાણીના પ્રશ્ને TDO એ મુલાકાત લીધી

દાહોદ

આજરોજ ઉસારવણ ગામના ટિંડોળી ફળિયાના પેટા ફળિયા ડાંગી ફળિયામાં પાણીનો પ્રશ્ન હોય તાલુકા વિકાસ અધિકારી-દાહોદ, નાયબ કાર્યપાલક ઈજનેર-પાણી પુરવઠા વિભાગ-દાહોદ, ટેકનીકલ આસિસ્ટન્ટ- વાસ્મો દ્વારા સ્થળ મુલાકાત કરવામાં આવેલ હતી.

સ્થળ મુલાકાત દરમિયાન તાત્કાલિક ગ્રામ પંચાયતને સુચના આપીને ટેન્કર મારફતે પીવાનું પાણી ગ્રામજનોને પહોંચાડવામાં આવ્યું છે. તેમજ જરૂરિયાત મુજબનું પાણી સવારે ૮ વાગ્યે અને સાંજે ૫ વાગ્યે દિવસમાં બે વાર ગ્રામજનોને પહોંચાડવા સરપંચ તથા તલાટીને સુચના આપી છે.

આ ઉપરાંત હાલમાં નલ સે જલ યોજના અંતર્ગત ઉસરવાણ ગામે યોજનાની કામગીરી માટે એજન્સીને વર્ક ઓર્ડર આપી દેવામાં આવ્યો છે. જે પૈકી પાઈપલાઈન તારીખ ૨૫/૦૫/૨૦૨૨ સુધીમાં આવી જશે તેમજ યોજના અંતર્ગત કુવાની કામગીરી અંદાજીત એક માસમાં પૂર્ણ કરવામાં આવશે જેથી નલ સે જલ યોજના પૂરી થયેથી ટિંડોળી ફળિયાના પેટા ફળિયા ડાંગી ફળિયામાં પાણીના પ્રશ્નનું નિરાકરણ આવી જશે.

તેમજ પાટાડુંગરી જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત ઉસરવાણ ગ્રામ પંચાયતનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. જેની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. આ યોજનાની સંપૂર્ણ કામગીરી પૂરી થતાં લગભગ એક વર્ષની આસપાસ જેટલો સમય લાગે તેમ છે. આ યોજના પૂરી થયેથી પાણીનો કાયમી ઉકેલ આવી જશે.

# દાહોદ ભાજપ ડૉક્ટર દ્વારા સગર્ભા બહેનોની નિઃશુલ્ક સોનોગ્રાફી અને તપાસ કેમ્પ યોજાયો

દાહોદમાં આ નિઃશુલ્ક કેમ્પમાં એક ગ્રામીણ વિસ્તારથી આવેલ એક સગર્ભા મહિલાની તપાસ કરતા તબિબો ચોંકી ઉઠ્યા હતા. જેમાં મહિલાને સાત માસના ગર્ભ દરમિયાન બાળકનું માથું જ ન હોવાનું તબીબો સામે તપાસ દરમિયાન સામે આવતા તબીબો ક્ષણે અસમંજસમાં મુકાઈ ગયા હતા. ત્યારે હવે આગળ આ મહિલાની સારવાર કેવી રીતે અને કેવા પ્રકારે કરવાની તેની ચર્ચા વિચારણા પણ તબીબ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ કેમ્પના માધ્યમથી મહિલાની આ સમસ્યા સામે આવી હતી. ત્યારે જો ખરેખર મહિલાને ડીલીવરીના અંત સમય સુધી ખબર ન પડતી તો કેવી પરિસ્થિતિનું નિર્માણ થતું વિચારી શકાય છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ

સમગ્ર દાહોદ જિલ્લામાં આજરોજ ભાજપ ડોક્ટર સેલ અને મહિલા મોરચા દ્વારા જિલ્લાભરમાં અંદાજે ૫૦૦થી વધુ સગર્ભા બહેનોની નિઃશુલ્ક સોનોગ્રાફી અને તપાસના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. દાહોદ જિલ્લાની મોટાભાગની ગાયનેક હોસ્પિટલોમાં આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

દાહોદ જિલ્લામાં આશરે ૪૦૦થી વધુ ગાયનેક હોસ્પિટલોમાં આજરોજ ભાજપ ડોક્ટર સેલ અને મહિલા મોરચા દ્વારા સગર્ભા મહિલાઓને નિઃશુલ્ક સોનોગ્રાફી અને અન્ય તપાસ કરવાના કેમ્પો દાહોદ જિલ્લામાં તમામ સ્થળોએ આયોજીત કરવામાં આવ્યા હતા. લગભગ ૧૫૦૦થી ૨૦૦૦ રૂપિયાની સોનોગ્રાફી તથા અન્ય સારવારનો ખર્ચ થતો હોય છે. ત્યારે ગરીબ અને મદયમ વર્ગીય મહિલાઓને આ કેમ્પ થકી નિઃશુલ્ક સોનોગ્રાફી અને અન્ય સારવાર આપવાના ઉદ્દેશ્ય સાથે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દાહોદ જિલ્લામાં ૫૦૦થી વધારે સગર્ભા મહિલાઓએ આ કેમ્પમાં લાભ લીધો હતો અને તપાસ કરાવી હતી. આ કેમ્પ વહેલી સવારથી શરૂ થયો હતો અને મોડી સાંજ સુધી ચાલ્યો હતો. જેમાં દાહોદ જિલ્લાની ઘણી બહેનોએ આ કેમ્પનો લાભ લીધો હતો.

# ૪ રાજ્યોમાં બીજેપીએ કોંગ્રેસ છોડીને આવેલા નેતાઓને મુખ્યમંત્રીની ખુરશી પર બિરાજમાન કર્યા



નવીદિલ્હી,

દેશની રાજનીતિમાં મોટો ઉલટફેર જોવા મળી રહ્યો છે. ત્રિપુરામાં સીએમ બિપ્લબ દેબે શનિવારે સાંજે અચાનક રાજયપાલને રાજીનામું સોંપીને તમામને ચોંકાવી દીધા.ભાજપ હાઈકમાન્ડે ત્રિપુરાના નવા સીએમનું નામ પણ બતાવી દીધું. જોકે, બીજેપી શાસિત રાજ્યોની રાજનીતિમાં મોટો ઉલટફેર આ કોઈ પહેલો પ્રયોગ નથી. અગાઉ ઉત્તરાખંડ, ગુજરાત, કર્ણાટકમાં પણ ભાજપે ચોંકાવનારા નિર્ણય લીધા છે. તેની સાથે જ બીજેપીએ પૂર્વોત્તરમાં વધુ એક રેકોર્ડ બનાવ્યો છે. અહીં ૪ રાજ્યોમાં બીજેપીએ કોંગ્રેસ છોડીને આવેલા નેતાઓને મુખ્યમંત્રીની ખુરશી પર બિરાજમાન કર્યા છે.

નેફિયૂ રિયો નાગાલેન્ડના ચોથી વાર મુખ્યમંત્રી બન્યા. તેમના નામે સૌથી વધુ વખત સીએમ બનવાનો રેકોર્ડ નોંધાઈ ચૂક્યા છે. રિયો કોંગ્રેસના વરિષ્ઠ નેતા હતા. તે ૨૦૦૨માં કોંગ્રેસથી અલગ થયા. તેમણે નાગાલેન્ડની સમસ્યા પર તત્કાલીન સીએમ એસસી જમીર સાથે મતભેદ હોવાના કારણે રાજીનામું આપ્યું હતું. ત્યારબાદ રિયોએ નાગા પીપુલ્સ ફ્રંટ (એનપીએફ)માં જોડાયા. આ પાર્ટી રાજનૈતિક પક્ષો અને ભાજપા સાથે જોડાયેલી હતી. તેમના નેતૃત્વમાં ડેમોક્રેટિક અલાયંસ ઓફ નાગાલેન્ડ (ડીએએન)ની રચના થઈ. આ ગઠબંધનને ૨૦૦૩માં વિધાનસભાની ચૂંટણી જીતી. સાથે કોંગ્રેસને ૧૦ વર્ષ બાદ સત્તામાંથી બહાર ફેંકયા. રિયોએ ૨૦૧૮માં ચૂંટણી પહેલા બીજેપી સાથે ગઠબંધન કર્યુ હતું. ચૂંટણી જીત્યા પછી બીજેપીના સહયોગથી સીએમ બન્યા. નેફિયૂએ ૧૯૮૯માં રાજનૈતિક સફરની શરૂઆત કરી અને ૨૦૦૩-૦૮, ૨૦૦૮-૧૩ અને ૨૦૧૩-૧૪ દરમિયાન નાગાલેન્ડના સીએમ રહ્યા.

એન.બીરેન સિંહે મણિપુરમાં ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીના એક વર્ષ પહેલા ૨૦૧૬માં કોંગ્રેસનો પંજો છોડીને બીજેપીના કમળમાં સામેલ થયા. રાજ્યમાં ૧૫ વર્ષ બાદ રાજ્યમાં બિન-કોંગ્રેસી સરકાર બની, ત્યારબાદ ભાજપે એન બિરેન સિંહને મુખ્યમંત્રી બનાવ્યા. એન.બીરેન મણિપુરમાં બેજીપીના પહેલા સીએમ બન્યા હતા. બીજેપી અને તેના સાથી પક્ષોના ૩૩ ધારાસભ્યોના સમર્થનથી વિધાનસભાના ફલોર ટેસ્ટમાં જીત મેળવીને બિરેને પોતાની શકિતનો પરિચય દેખાડ્યો હતો. અગાઉ બીરેન સિંહ, ઈબોબી સિંહના નેતૃત્વવાળી સરકારમાં મંત્રી હતી, પરંતુ તેમણે પ્રદેશ કોંગ્રેસ કમિટીમાંથી રાજીનામું આપી દીધું હતું. આજ વર્ષે ૨૦૨૨ની ચૂંટણીમાં પણ મણિપુરમાં બીજેપીએ એન બીરેન સિંહના નેતૃત્વમાં ચૂંટણી લડી અને જીત પણ હાંસલ કરી.

હિમંતા બિસ્વા સરમા વર્ષ ૨૦૨૧માં અસમના ૧૫મા સીએમ બન્યા. તેમણે સર્બાનંદ સોનાવાલના સ્થાને આ જવાબદારી સોંપવામાં આવી. હિમંતા ૨૦૧૫માં કોંગ્રેસથી નારાજ થઈને બીજેપીમાં જોડાયા. ૨૦૧૬ની વિધાનસભાની ચૂંટણી અને ૨૦૧૯ના લોકસભાની ચૂંટણીમાં હિમંતા બિસ્વા સરમાનો જોરદાર પ્રચાર અભિયાન બીજેપીની જીત માટે મુખ્ય કારણોમાંથી એક માનવામાં આવે છે. હિમંતા અસમનની જાલુકબારી વિધાનસભા બેઠકથી પાંચમી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા. સોનોવાલની સરકારમાં હિમંતા બિસ્વા સરમા કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા. ૨૦૨૧ની ચૂંટણીમાં તેમણે ૧ લાખ, ૧૯૧૧ વોટના બમ્પર માર્જિનથી જીત મેળવી હતી. હિમંતાના કામને જોઈને બીજેપીએ નોર્થ-ઈસ્ટ ડેમોક્રેટિક અલાયંસના સંયોજક બનાવ્યા હતા. તમને જણાવી દઈએ કે તેમણે પૂર્વોત્તરના ઘણા રાજયોમાં બીજેપીને સત્તા સુધી પહોંચાડવામાં તેમનું મોટું યોગદાન આપ્યું છે.

ત્રિપુરામાં વિધાનસભાની ચૂંટણીના એક વર્ષ પહેલા ભાજપે બિપ્લવ દેબને હટાવીને ડો. માણિક સાહાને નવા સીએમ બનાવવાની જાહેરાત કરી છે. ડો.માણિક સાહા ૨૦૧૬માં કોંગ્રેસ છોડીને બીજેપીમાં સામેલ થયા હતા. બીજેપીમાં જોડાયા બાદ માણિકને ચાર વર્ષ બાદ ૨૦૨૦માં પ્રદેશ અધ્યક્ષ બનાવવામાં આવ્યા. ત્રિપુરા ક્રિકેટ એસોસિએશનના પ્રેસિડેન્ટ પણ બન્યા. હાલમાં રાજ્યસભા માટે પણ મનોનીત કરવામાં આવ્યા અને હવે નવા સીએમ તરીકે પણ પસંદગી થઈ. માનિક સાહા વ્યવસાયે એક ડેંટિસ્ટ છે અને તેમની છબી ખુબ જ સાફ માનવામાં આવી રહી છે.

# ૩૦ વર્ષની શૈક્ષણિક કારકિર્દી દરમિયાન ૬૦ વિદ્યાર્થિનીઓનું જાતીય શોષણ કર્યું

તિરૂવનંતપુરમ,

કેરળમાં એક નિવૃત્ત શિક્ષકે ૩૦ વર્ષની શૈક્ષણિક કારકિર્દી દરમિયાન ૬૦ જેટલી વિદ્યાર્થિનીઓનું જાતીય શોષણ કર્યું હતું. એક પૂર્વ વિદ્યાર્થિનીએ નરાધમ શિક્ષકનો પર્દાફાશ કર્યા બાદ અસંખ્ય વિદ્યાર્થિનીઓએ હિંમત બતાવી હતી. કેરળના કે.વી. શશીકુમાર નામના ૬૦ વર્ષના શિક્ષક સામે ૬૦ જેટલી વિદ્યાર્થિનીઓનું જાતીય શોષણ કર્યાનો આરોપ લાગ્યો હતો. એ પછી કેરળના શિક્ષણમંત્રીએ તુરંત તપાસનો આદેશ આપ્યો હતો અને એ શિક્ષકની ધરપકડ કરવામાં આવી હતી.

ઉચ્ચ માધ્યમિક શાળામાં વર્ષો સુધી શિક્ષક રહેનારો કે.વી. શશીકુમાર જિલ્લા શિક્ષણ સંઘનો પ્રમુખ પણ રહી ચૂક્યો છે અને સીપીઆઈ એમનો નેતા પણ છે. માર્ચ મહિનામાં એ નિવૃત્ત થયો હતો. એ વખતે તેણે પોતાની યશસ્વી કારકિર્દીના ગુણગાન સોશિયલ મીડિયામાં ગાયા હતા. તેમાં એક વિદ્યાર્થિનીએ હિંમત કરીને તેના કારનામાનો પર્દાફાશ કર્યો હતો. એ પછી તો અસંખ્ય વિદ્યાર્થિનીઓએ હિંમત એકઠી કરીને ફરિયાદ કરી હતી.

વ્યાપક ફરિયાદ ઉઠતા સીપીઆઈએમે પક્ષમાંથી તેની હકાલપટ્ટી કરી હતી અને શિક્ષણમંત્રીના આદેશ બાદ આ નરાધમ શિક્ષકની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી શશીકુમારે દાવો કર્યો હતો કે પાર્ટીની આંતરિક ખટપટના કારણે તેને નિશાન બનાવવામાં આવી રહ્યો છે. કેટલાક કિસ્સા તો દોઢ દશકા જૂના છે, એ વિદ્યાર્થિનીઓએ આગળ આવીને ફરિયાદ દાખલ કરી છે.

# આખા દેશના સ્ટેશન માસ્તર એક દિવસની રજા પર ઉતરશે

નવીદિલ્હી,

ઓલ ઈન્ડિયા સ્ટેશન માસ્તર એસોસિયેશન દ્વારા સ્ટેશન માસ્તરની સમસ્યાને લઈને તારીખ ૩૧ મેનાં રોજ સમગ્ર ભારતભરનાં સ્ટેશન માસ્તરોએ એક દિવસની હડતાળની જાહેરાત કરી છે. આ દિવસે એક દિવસની સામૂહિક રજા લઈ વિરોધ વ્યકત કરવાની જાહેરાત કરી છે.

રેલવેનાં સ્ટેશન માસ્તરોની બંધ થયેલ નાઈટ ડ્યૂટી ચાલુ કરવા, રેલવેનાં ખાનગીકરણનો વિરોધ, એમ.એ.સી.પી. નો લાભ ૧ જાન્યુઆરી ૨૦૧૬ થી આપવા તથા રેલવેનું ખાનગીકરણ બંધ કરવા, જૂની પેન્શન સ્કીમ ચાલુ કરવા બાબતે વિવિધ માંગણીઓને લઈને સ્ટેશન માસ્તરો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે.

અગાઉ સ્ટેશન માસ્તરોએ નાઈટ ડયૂટી શિફ્ટમાં મીણબતી પ્રગટાવી વિરોધ કર્યો હતો. તેમજ એક સપ્તાહ કાળીપટ્ટી લગાવી વિરોધ પ્રદર્શન કર્યું હતું. તો એક દિવસીય ભૂખ હડતાળ સહિત અનેક પ્રકારે વિરોધ પ્રદર્શન કરવા છતા સમસ્યાઓનો કોઈ ઉકેલ નથી આવ્યો. ત્યારે આગામી તારીખ ૩૧ મેના રોજ ઓલ ઈન્ડિયા સ્ટેશન માસ્તર એસોસિયેશન દ્વારા સમગ્ર ભારતભરનાં સ્ટેશન માસ્તરો દ્વારા એક દિવસની સામૂહિક રજા લઈ વિરોધ દર્શાવવાની જાહેરાત કરી છે.

બીજી તરફ સ્ટેશન માસ્તરોએ આ હડતાળને લઈને મુસાફરોને પણ એક સૂચના આપી છે. તેમણે કહ્યુ કે, જાહેર જનતાને તારીખ ૩૧ મે, ૨૦૨૨ ના રોજ પોતાનું યાત્રાનું પ્લાનિંગ આ બાબતને ધ્યાનમાં રાખીને કરવાની એસોસિયેશન દ્વારા અપીલ કરાઈ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.223

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

### ગોધરા ગોન્દ્રાના સર્વે નંબર ૪૪૦ વાળી ગણોતધારા હેઠળની

# જમીનમાં પાલિકાની પરમીશન વગર ચાલતા બાંધકામને અટકાવવા ઠાગાઠૈયા



ગોધરા,

ગોધરા શહેર ગોન્દ્રા વિસ્તારમાં આવેલ ગણોતધારા હેઠળની રે.સ.નં. ૪૪૦ વાળી જમીના આવેલ હોય આ જમીનમાં સરકારશ્રીની પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય વેચાણ વ્યવહારો કરી આ જમીન ઉપર બાંધકામ કરવા માટે ગોધરા પાલિકાની બાંધકામ મંજુરી મેળવ્યા વગર થતાં બાંધકામને અટકાવવા પાલિકા ચીફ ઓફિસરને લેખિત રજુઆત બાદ પાલિકાએ નોટીસ આપીને જરૂરી ડોકયુમેન્ટ રજુ કરવાની સુચના કરેલ હોય તેમ છતાં બાંધકામ કરવામાં આવી રહ્યું હોય આ બાબતે પાલિકા, જીલ્લા કલેકટર, પ્રાંત અધિકારી અને પ્રાદેશિક કમિશ્નર સુધી રજુઆત છતાં ગેરકાયદેસર બાંધકામ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા સામે રજુઆતકર્તાઓમાં રોષ જોવા મળ્યો છે.

ગોધરા ગોન્દ્રા વિસ્તારમાં આવેલ રે.સ.નં.૪૪૦ વાળી જમીન ગણોતધારા હેઠળની હોય આ જમીનમાં સરકારશ્રીના પૂર્વ મંજુરી મેળવ્યા વગર વેચાણ વ્યવહારો કરી આ જમીન પર પાલિકા ગોધરાની બાંધકામ પરવાનગી મેળવ્યા વગર ચાલતા બાંધકામ અટકાવવા માટે ગોધરા ચીફ ઓફિસર લેખિતમાં રજુઆત કરવામાં હતી. અરજદારની રજુઆત બાદ ૧૮`એપ્રિલ ૨૦૨૨ના રોજ સુગરા મહંમદ પિતલને નોટીસ આપીને ડોકયુમેન્ટોની માંગણી કરેલ હોય તેમજ પૂર્વ મંજુરી વિના બાંધકામ થતું હોય તે બાંધકામ દુર કરવા ૭ દિવસનો સમય ફાળવવામાં આવ્યો હતો. પરંતુ સ્થળ ઉપર થતા ગેરકાયદેસર બાંધકામ અટકેલ નથી, પરંતુ નોટીસ બાદ બાંધકામ પુરજોશમાં કરવામાં આવી રહ્યું છે. આ બાબતે અરજદારે પાલિકા ચીફ ઓફિસરને કરતા ચીફ ઓફિસર દ્વારા હાલ બાંધકામ થવા દો પછી જોઈ લેશું અને બાંધકામ અટકાવવામાં આવેલ નથી. ગેરકાયદેસર બાંધકામ નહી રોકવામાં આવતાં આ બાબતે અરજદાર દ્વારા જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરવામાં આવી છે.

ગોધરા ગોન્દ્રા સર્વે નં.૪૪૦/૧ વાળી જમીનમાં શરતભંગ થતી હોવાથી અગાઉ પણ જીલ્લા કલેકટર દ્વારા તા.૨૯/૦૫/૨૦૧૮ના રોજ મામલતદારને પત્ર પાઠવીને ૪૪૦/૧ વાળી જમીન ખાલસા કરી સરકારી હેડે કરવા સુચન કરાયું હતું. તેમ છતાં આજદિન સુધી ખાલસા કરવામાં આવી નથી પરંતુ આ જગ્યામાં ભારે દબાણો કરવામાં ।અવ્યા છે. અરજદાર ઈકરામ યામીન બકકર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે, ૪૪૦ વાળી ગણોતધારા હેઠળની જમીનમાં ગેરકાયદેસર રીતે પરવાનગી વગર ચાલતા બાંધકામને અટકાવવા માટે અને લેખિત રજુઆતો કરવામાં આવી હોય તેમ છતાં બાંધકામ અટકાવવામાં નિષ્ફળ રહેલા અધિકારીઓ બાંધકામ કર્તા સાથે મેળાપીપણામાં કાર્યવાહી નહિ કરીને ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા હોય તેવું હાલ લાગી રહ્યું છે.

## કાલોલ અર્બન કો.ઓ.બેંકની ૧૨ ઉમેદવારોવચ્ચે યોજાયેલ ચૂંટણીનું પરિણામ



કાલોલ,

કાલોલ નગરમાં આવેલ ધી કાલોલ અર્બન કો-ઓ.બેંકમાં ૨૦૨૨ થી ૨૦૨૭ સુધીના પાંચ વર્ષના સમયગાળા માટેની ૧૫ બેઠકોમાં ફાગવેલ બેઠકો અનુસાર શ્રીમાત ખેડૂત-૧ સીટ, સ્ત્રી અનામત-૨ સીટ, તેમજ અનુસૂચિત જાતિ-૧ સીટ તદુપરાંત અન્ય ૧૧ સીટ મળી કુલ ૧૫ મેમ્બરની કમિટી બનાવવામાં આવતી હોય છે. જેમાંની સ્ત્રી અનામત બે સીટ, શ્રીમાન ખેડૂત એક સીટ, તેમજ અનુસૂચિત જાતિ એક સીટ કમિટીની રચના પ્રમાણે અન્ય કોઈ દાવેદાર નહોતા બિનહરીફ જાહેર થયા હતા. બાકીની ૧૧ સીટો માટે કુલ ૧૭ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. જેમાંના ચાર ઉમેદવારો ના ફોર્મ પરત લેવામાં આવ્યા હતા. તદુપરાંત એક ફોર્મ કારણોસર રદ થયું હતું. જયારે બાકીના ૧૨ ઉમેદવારના ફોર્મ સિલેક્ટ થતા ચૂંટણી યોજવાનો પરિસ્થિતિ સર્જાઇ હતી. જેના કારણે ના રવિવારના રોજ યોજાયેલ ધી કાલોલ અર્બન કો.ઓ બેંક ખાતે ચૂંટણી યોજવામાં આવી હતી. જોકે, ધી કાલોલ અર્બન કો-ઓ.બેંકના કુલ ૬૩૦૫ સભાસદો દ્વારા મત આપી ૧૧ ઉમેદવારોને વિજય બનાવવાના ચક્રવ્યૂહમાં માત્ર ૮૯૭ જ સભ્યોનું મતદાન થયું હતું. જોકે ચૂંટણીનું પરિણામ પણ તે દિવસે મતગણતરી વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં ૧૨ ઉમેદવારો પૈકીના કાલોલના ટૂંક સમય પહેલા કાલોલ ની જાણીતી સ્કૂલના ઉપપ્રમુખ જે એસીબીના લાંચરૂશ્વત છટકામાં સંડોવાયેલા આરોપી એવા જયંત ઉર્ફે લેલી મહેતાને માત્ર- ૧૭૬ જ મત મળતા પરાજય થયો હતો. બાકીના ૧૧ ઉમેદવારોને ૮૦૦ ઉપરાંત મત મળતા વિજય જાહેર કરવામાં આવ્યા હતા. જોકે જયંત ઉર્ફે લેલી મહેતા ચૂંટણી લડવા માટે ચાર દિવસના શરતી જામીન હાલોલ નામદાર કોર્ટમાં થી લઈ આવ્યા હતા. પરંતુ મતદારોના સચોટ નિર્ણયના કારણે જયંત ઉર્ફે લેલી મહેતાનો પરાજય થયો હતો. જયારે વિજય બનનાર અનિલકુમાર શાહ ને ૮૪૦ મત, જયંતીભાઈ પટેલને ૮૩૮ મત, કનુભાઇ દેસાઇ ને ૮૪૫ મત મફતલાલ મહેતાને ૮૫૨ મત, નરેન્દ્રકુમાર પરીખને ૮૫૦ મત પરેશકુમાર પરીખને ૮૫૩ મત રમેશચંદ્ર શાહને સૌથી વધુ ૮૫૬ મત રમેશચંદ્ર ચૌહાણને ૮૨૯ મત, સુભાષચંદ્ર મહેતા ૮૫૨ મત, સુંદરલાલ શાહને ૮૪૯ મત તેમજ તેજસકુમાર શાહને ૭૭૮ મત મળતા ૧૧ ઉમેદવારો વિજય થયા હતા.

## નોંધ નં.૧૩૦૭૬-૭૩ એ.એ.વાળી આદિવાસીઓની જમીનોમાં જીલ્લા કલેકટર દાહોદ શરતભંગની કાર્યવાહી કરશે કે કેમ...?

ગોધરા,

દાહોદ ગલીયાવાદ તા. દાહોદના સર્વે નં.૮૭૮ પૈકી-૪૦૦૦-૦૦ ચો.મી. જમીન રહેણાક હેતુ માટે બીનખેતી તા.૧/૧૨/૨૦૧૦ અંગે નોંધ નંબર ૧૩૦૭૬- ૭૩-એ.એ.વાળી જમીનમાં દેસાઈ મુનુભાઈ વાડીલાલ વિગેરે ઈસમો દ્વારા એન.એ. કરાવેલ અ ને સરકારશ્રી પ્રિમીયમની ગેરરીતિઓ કરેલની વિગતો ધ્યાને આવતા દૈનિક પસાર કરેલ છે. જે તાલુકા પંચાયત કચેરી દ્વારા પત્ર ક્રમાંક ફ તા.પં/જમન/વશી/૫૪૧-૫૫૧ તા.૨૧/૧૨/૨૦૧૭ હુકમમાં ઉપરોકત વંચાણે લીધેલ આમુખ-૧ થી અત્રેના તાલુકા મોજે ગલીયાવાદ (દાહોદ કસ્બા) તા.દાહોદ સર્વે નં.૮૭૮/પૈકી ૩ વાળી હે.આર.ચો.મી.૧-૪૧-૬૪ જમીન પૈકી ૪૦૦૦-૦૦ ચો.મી. રહેણાક હેતુ અત્રેની કચેરીએથી તા.૧/૧૨/૨૦૧૭ થી અરજી કરેલ છે. ઉપરોકત નાયબ પ્રાંત અધિકારી નોંધ નં.૧૩૦૭૬ દયાને નહી લઈ અભિપ્રાય આપેલ છે. જે સરકારી વહીવટ નિયમોના વિરૂદ્ધ છે.

આમ, ૮૭૮ વાળી ૧-ના કિસ્સા ૭૩ એ.એ.ના નિયમો લાગેલ પુરી જમીન પરની ચકાસણી આરોગ્ય દ્વારા વાંધા સરખું જણાતું નથી. તેવો અભિપ્રાય આપેલ છે. ઉપરોકત વંચાણે -જમાં ગુ.વી.કંપની દાહોદ તરફથી હળવા દબાણ વિગેરે અભિપ્રાય આપેલ છે. સદર ખાસ જમીન સંપાદન કોઈ કાર્યવાહી ચાલતી નથી. તેવું જણાવેલ જો આ મુદ્દા સ્થળ સ્થાનિક તપાસ કરી કરાવવામાં આવે તો કયા કયા નિયમોનો ભંગ થાય છે. તે તપાસ દરમિયાણ નિકળી આવે તેમ છે. જે જીલ્લા દાહોદ કરશે કે કેમ આમ, નોંધ નં.૧૩૦૭૬-વાળી આદિવાસીઓની ૭૩ એ.એ.વાળી નોંધ ખૂબ જ મોટી દાહોદ કસ્બાની છે. જે પુરેપુરી વંચાણે લેવાતી નથી. જેથી આદિવાસીઓના નામો વાંચવામાં અગવડતા પડે છે. જે નોંધ નં.૧૩૦૭૬-૭૩ એ.એ.વાળી તમામ આદિવાસીઓના નામો વંચાણે લેવાય તેમજ મૃત્યુ પામેલ વારસદારોની વારસાઈ થાય તેવી આદિવાસીઓ દ્વારા માંગ કરવામાં આવેલ છે અને ઉપલી કક્ષાએ રજુઆતો કરવામાં આવેલ છે.

દાહોદના તાલુકા પંચાયતના હુકમ પત્ર ક્રમાંક તા.પં/જમન/વશી/૫૪૧-૫૫૧ તા. ૨૧/૧૨/૨૦૧૭ વંચાણે લેતા દેસાઈ મનુભાઈ વાડીલાલ વિગેરેનો ઉલ્લેખ કરેલ છે. પરંતુ વિગેરેમાં કયા કયા ભુમાફિયા છે. તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરી કરાવવામાં આવેલ નથી. આ સમાચાર દૈનિક પસાર કરવાનું કારણ એક દાહોદના નાગરિક ૯૬૪ વાળી ૭૩ એ.એ.વાળી જમીન આધારે વિગતો દૈનિક કટીંગ અરજી ત્થા હુકમ વિગેરે દસ્તાવેજો મળેલ બાબતે આદિવાસીઓનું હિત સચવાય અને તેમનો હુક્ક પ્રાપ્ત થાય. જે દૈનિક પસાર કરીએ છે. જો ૭૩ એ.એ. નોંધ નં.૧૩૦૭૬ સાચી હકિકતો અને નીતિ નિયમો ફરી પછી વંચાણે લેવાઈ તેવા પ્રાંત દાહોદ એમ.એમ.ગણસવા સખ્ત સુચનાઓ દ્વારા મામલતદાર દાહોદ ઈ-ધરા તથા તલાટીને અસલ રેકર્ડ સાથે તમામ આદિવાસીઓના નામો વંચાણે લેવાય અને ગરીબ અભણ આદિવાસીઓને પોતાનો હકક પ્રાપ્ત થાય તેવી માંગો ઉઠવા પામેલ છે.

આમ, તા.૨૧/૧૨/૨૦૧૭માં દેસાઈ મનુભાઈ વાડીલાલનું નામ એકલાનું જાહેર કરેલ છે અને બીજા કયા કયા ઈસમો છે. તેવા નામો જાહેર કરેલ નથી. જેથી આ હુકમમાં છેવટની તફાવત જણાય છે. જેથી કોઈપણ પ્રકારના ઈસમો સામે ફોજદારી રાહે તથા ગેરરીતિઓ તપાસવામાં મુશ્કેલીઓ ઉભી થાય તેમ છે. કોઈપણ હુકમ કરતા પહેલા ગુજરાતીમાં તેમના નામો લાખવા પડે છે. પછી અંગ્રેજીમાં સહી થાય છે. જેથી ગેરરીતિઓ થાય તો તેવો તાત્કાલીક કાર્યવાહીમાં મુશ્કેલીઓ વેઠવી ન પડે જેથી ૭૩ એ.એ. ૧૩૦૭૬ ગેરકાયદેસર નોંધ ૩૦૯૦૨ તા.૩૧/૮/૨૦૧૮ તમામ વિગતો અનુમાં રજુઆતો આ મળેલ છે. જેથી નોંધ નં.૧૩૦૭૬-૭૩એ.એ.વાળી નોંધ માં શરત ભંગ અંગેની તાત્કાલીક રેકર્ડ વિરૂદ્ધ ગેરરીતિઓ જણાયેલ બાબતે કાર્યવાહી થાય તેવી આદિવાસીઓની માંગ ઉઠવા પામેલ છે. જીલ્લા કલેકટર શરતભંગ બદલની કાર્યવાહી પ્રાંત અધિકારી એમ.એમ.ગણસવા પાસે કરાવશે કે કેમ તે જોવાનું રહ્યું.

## હાલોલ નગર પાલીકા ખાતે આઠમા તબકકાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



હાલોલ,

સરકારની યોજનાઓનાં લાભ અને સહાયતા અંગેના વ્યક્તિગત પ્રશ્નોનાં સ્થળ ઉપર નિકાલ થાય તે હેતુથી સરકારશ્રી દ્વારા આઠમા તબક્કાનાં સેવા સેતુ કાર્યક્રમ હાલોલ નગર પાલીકા હોલ ખાતે હાલોલ વિધાનસભાનાં ધારાસભ્ય જયદ્રથસિંહજી પરમારના વરદ્દહસ્તે હાલોલ નગરપાલિકા હોલ ખાતે શુભારંભ કરવામાં આવ્યો. સરકારની યોજનાઓનાં લાભ અને સહાયતા અંગેના વ્યક્તિગત પ્રશ્નોના સ્થળ ઉપર નિકાલ થાય તે હેતુથી સરકારશ્રી દ્વારા આઠમા તબક્કાનાં સેવા સેતુ કાર્યક્રમ હાલોલ વિધાનસભાનાં ધારાસભ્ય જયદ્રથસિંહજી પરમારના વરદ્દહસ્તે હાલોલ નગરપાલિકા હોલ ખાતે શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં હાલોલ નગરજનો સહિત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોએ જુદા જુદા લાભોનો હાલોલ નગર પાલીકા હોલ ખાતે સ્થળ ઉપર લાભાર્થીઓ લાભ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન કંજરી સ્ટેટ યુવરાજ મયુરધ્વજસિંહ પરમાર તથા હાલોલ મામલતદાર તથા હાલોલ પ્રાંત અધીકારી તેમજ હાલોલ નગર પાલીકા પ્રમુખ વિભાક્ષીબેન દેસાઈ તથા મેહુલભાઈ સેવક સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## બી.એડ કોલેજ ગોધરાના નિવૃત્ત થતાં પ્રો.ડો. પી.જે. ડોડીયાર નો સન્માન સમારંભ યોજાયો

ગોધરા,

શ્રી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન એટલે કે બી એડ કોલેજ ગોધરાના પ્રો.ડો. પી જે ડોડીયાર વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં તેમનો સન્માન સમારંભ શ્રી ગોધરા તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ ગોધરાના પ્રમુખશ્રી તથા રાજ્ય સભાના પૂર્વ સાંસદ અને પ્રસિદ્ધ એડવોકેટ ગોપાલસિંહ સોલંકીની ઉપસ્થિતિમાં કોલેજના સદાબા હોલ ખાતે ઉમળકાભેર યોજાઈ ગયો .આ પ્રસંગે ગોપાલસિંહ સોલંકી દ્વારા ડોકટર પી.જે. ડોડીયારને શુભેચ્છાઓ પાઠવી તેમનું પુષ્પગુચ્છ, સન્માન પત્ર અને શાલ ઓઢાડી શાનદાર સન્માન કર્યું હતું. સાથે સાથે આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત આજ મંડળના સેક્રેટરી અને જીલ્લા પંચાયત પંચમહાલ ગોધરાના પ્રમુખ કુમારી કામિનીબેન સોલંકી એ પણ ડો. પી.જે.ડોડીયારને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે ખાસ બી.એડ કોલેજ ગોધરાના પૂર્વ પ્રિન્સીપાલ ડો. પી.સી શાહ અને ડો.જે.ઝેડ.પટેલ તેમજ કોમર્સ કોલેજ ગોધરાના ઈન્ચાર્જ આચાર્ય ડો.અરૂણસિંહ આર. સોલંકી દ્વારા પણ ડો.ડોડીયારનું શાલ ઓઢાડી મોમેન્ટો આપી શ્રીફળ અને કુમકુમ તિલક કરી જોરદાર સન્માન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન બી.એડ કોલેજ ગોધરાના પ્રિન્સિપાલ ડો. આર.જી.પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું .આ પ્રસંગે ગોપાલસિંહનો આભાર માનતા ડો. ડોડીયારે જણાવ્યું હતું કે, આજે હું જે કંઈ પણ શું તે આ કોલેજના કારણે છું. તેથી કોલેજને જયારે જયારે મારી જરૂર હશે ત્યારે ત્યારે હું કોલેજની સેવા માટે હંમેશા તૈયાર રહીશ. કોલેજના અન્ય સ્ટાફ મિત્રો તેમજ તાલીમાર્થી દ્વારા દ્વારા પણ ડો ડોડીયારનું સન્માન કરાયું હતું.

## કાલોલના દેલોલ ગામ કરીયાણાની દુકાનમાં ચોરી કરેલ ૫૦ હજાર સાથે આરોપીને પલાસા ગામેથી ઝડપી લેવાયો





કાલોલ,

કાલોલ તાલુકાના દેલોલ ગામે કરીયાણાની દુકાનના કાઉન્ટર માંથી ૫૦ હજાર રોકડાની ચોરીના બનાવમાં સીસી ટીવી ફુટેઝ અને બાતમીદારો રોકી એલ.સી.બી. પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને પલાસા ગામથી ઝડપ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના દેલોલ ગામે કરીયાણાની દુકાન માંથી દુકાનદારની નજર ચુકવીને કાઉન્ટર માંથી ૫૦,૦૦૦/-રૂપીયાની ચોરીના બનાવની ફરિયાદ કાલોલ પોલીસ મથકે નોંધાઈ હતી. તેની તપાસ એલ.સી.બી. પોલીસે કરી રહી હોય પોલીસે સીસી ટીવી ફુટેઝ તથા ટેકનીકલ સર્વેલન્સમાં ઉપયોગ કરી તેમજ બાતમીદારો રોકી તથા હાથ ધરી હતી. તપાસ દરમિયાન ચોરીમાં એજાઝ ઉર્ફે અગ્ગો ઉર્ફે બોબડો રહેમતમીયા શેખ રહે. યાકુતપુરા, વડોદરા સંડોવાયેલ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આરોપીને એકટીવા નંબર જીજે.૦૬.એમકયુ.૦૩૮૯ સાથે પલાસા ગામે ચોકડી પાસેથી ઝડપી પાડયો હતો. પકડાયેલ આરોપીની અંગઝડતી કરતાં એકટીવાની ડીકીમાં સંતાડી રાખેલ ૫૦,૦૦૦/-રૂપીયા મળી આવ્યા હતા. પકડાયેલ ઈસમની પુછપરછ દરમિયાન દેલોલ ગામે કરીયાણાની દુકાનના કાઉન્ટર માંથી ચોરી કર્યાની કબુલાત કરી હતી. આમ, કાલોલ પોલીસ મથકે ગણતરીના ચોરીના બનાવના ગુનાને એલ.સી.બી. પોલીસે ગણતરીના કલાકોમાં અનડીકેટ કર્યો.

## ગોધરા-વડોદરા હાઈવે પોપટપુરા પાસે આઈસરમાં લઈ જવાતો ૭.૧૪ લાખના દારૂ સાથે ખેપીયો ઝડપ્યો



ગોધરા,

ગોધરા પોપટપુરા ગણેશ મંદિર પાસે એલ.સી.બી.પોલીસે બાતમીના આધારે નાકાબંધી કરી હતી. નાકાબંધી દરમિયાન બાતમીવાળા આઈસર ટ્રકને રોકી ડનલોપ સીટના કાર્ટુનની આડમાં લઈ જવાતો ઈંગ્લીશ દારૂની પેટીઓ નંગ-૨૮૦ કિંમત ૭,૧૪,૦૦૦/- રૂપીયાના અને મુદ્દામાલ મળી ૧૭,૫૧,૩૫૩/-રૂપીયા સાથે ખેપીયાને પોલીસે ઝડપી પાડયો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, દાહોદ તરફથી આઈસર ટ્રક નંબર જીજે.૦૮.એયુ.૬૮૦૪ બંધ બોડીમાં ડનલોપ સીટના કાર્ટુન નીચે ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડીને લવાઈ રહ્યો છે અને આઈસર ટ્રક વડોદરા તરફ જનાર છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસ દ્વારા પોપટપુરા ગણેશ મંદિર પાસે નાકાબંધી કરવામાં આવી હતી અને નાકાબંધી દરમિયાન બાતમીવાળા આઈસરને રોકીને ચેકીગ કરવામાં આવ્યું હતું. બંધ બોડીના આઈસરમાં ડનલોપ સીટના કાર્ટુન નીચે સંતાડીને લવાતો ઈંગ્લીશ દારૂ હાઈસ્પીડ વ્હીસ્કી પેટીઓ નંગ-૨૪૫ કિંમત ૬,૪૬,૮૦૦/-રૂપીયા, બીયર ટીન પેટીઓ નંગ-૩૫ કિંમત ૬૭,૨૦૦/-રૂપીયા, ડનલોપ કાર્ટુન કિંમત ૫,૩૨,૩૫૩/-રૂપીયાના મુદ્દામાલ સાથે દીપારામ મુકતારામ જાટને ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ગોધરા પોલીટેકનિકલ રોડ લક્ષ્મી પાર્ક દુકાન માંથી ૫૫ હજારનો દારૂ ઝડપ્યો

ગોધરા,

ગોધરા શહેર પોલીટેકનીકલ રોડ લક્ષ્મી પાર્ક સોસાયટી પાસે દુકાનમાં ઈંગ્લીશ દારૂ વેચાણ માટે રાખેલ છે. તેવી બાતમીના આધારે રેઈડ કરી દારૂ ૫૫,૧૦૦/-રૂપીયા રોકડ મળી ૫૯,૮૫૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા.પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેરા પોલીસ ટેકનીકલ રોડ લક્ષ્મીપાર્ક સોસાયટી પાસે દુકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખીને વેચાણ કરતા હોય તેવી બાતમીના આધારે એ ડીવીઝન પોલીસે રેઈડ કરી દુકાન માંથી ઈંગ્લીશ દારૂની બોટલો નંગ-૫૫૧ કિંમત ૫૫,૧૦૦/- રૂપીયા રોકડા ૪,૨૫૦/- રૂપીયા મોબાઈલ ફોન મળી ૫૯,૮૫૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે જસવંતભાઈ ઉર્ફે ટીનો પરસોતમભાઈ વિરૂદ્ધ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.